જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
જનકાર
બાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૨-૦૯-૨૦૨૪ ગુરૂવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૯,૨૨૪૮૯૯,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા સુદ ૯ વર્ષ : ૨૮ અંક ૩૩૪

આગામી તા. ૧૮ અથવા ૧૯મીએ રાજયના મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લાના પ્રવાસે

અમરેલીમાં મુખ્યમંત્રી રૂા.૩૦૦ કરોડના કામોનું લોકાર્પણ કરશે

તા. ૧૮ કે ૧૯મીએ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમરેલીના આધુનિક એસટી બસ પોર્ટના લોકાર્પણ, રાજમહેલ સ્પોર્ટર્સ સંકૂલ, આધુનિક ફાયર સ્ટેશન સહિતના વિવિધ કાર્યક્રમો

અમરેલીમાં ભરચક કાર્યક્રમો ઉપરાંત સાવરકુંડલા, રાજુલા અને ધારીમાં પણ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા વિવિધ યોજનાઓના લોકાર્પણ માટે તડામાર તૈયારીઓનો પ્રારંભ



અમરેલી,

આગામી તા. ૧૮ અથવા ૧૯મીએ રાજયના મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ અમરેલી જિલ્લાના પ્રવાસે આવી રહયા હોય તેમના હસ્તે અમરેલી જિલ્લામાં રૂા. ૩૦૦ કરોડના કામોનું લોકાપર્ણ કરવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભાઇ હોવાનું જાણવા મળેલ છે.

આગામી તા. ૧૮ કે ૧૯મીએ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમરેલીના આધુનિક એસટી બસ પોર્ટના લોકાપર્ણ, રાજમહેલ સ્પોર્ટર્સ સંકૂલ, આધુનિક ફાયર સ્ટેશન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાનાર હોવાનું જાણવા મળેલ છે

આગામી તારીખ ૧૮ અથવા ૧૯મીએ અમરેલીમાં વિવિધ સ્થળોએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇના ભરચક કાર્યક્રમો ઉપરાંત સાવરકુંડલા, રાજુલા અને ધારીમાં પણ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા વિવિધ યોજનાઓના લોકાર્પણ માટે તડામાર તૈયારીઓનો પ્રારંભ થઇ ચુકયો છે.

ખાંભામાં ગણપતિની મહાઆરતી કરતા કલેક્ટરશ્રી અજય દહિયા

તાલુકા પંચાયત પટાંગણમાં મહાઆરતીમાં હાજરી આપી

અમરેલી,

ખાંભા તાલુકા પંચાયતના પટાંગણમાં તાલુકા પંચાયત સ્ટાફ દ્વારા ગણેશ મહોત્સવ ૨૦૨૪ નિમિતે વિઘ્નહર્તા શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવેલ હોઈ ત્યારે સ્ટાફ દ્વારા દરરોજ સાંજ સવાર મહાઆરતી અને પૂજા અર્ચના કરવામાં આવે છે.

ખાંભા તાલુકા પંચાયતના પટાંગણમાં ગણેશ મહોત્સવ નિમિત્તે મહાઆરતીમાં અમરેલી જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા ખાસ હાજર રહી પૂજા અર્ચના કરી મહાઆરતીનો લ્હાવો લીધો હતો. સાથે તાલુકા વિકાસ અધિકારીશ્રી દાણીધારિયા, મામલતદાર અંટાળા, પ્રમુખ શ્રી ભીખાભાઈ સરવૈયા, ઉપ પ્રમુખ શ્રી હમીરભાઈ ભરવાડ, મુકેશભાઈ માંગરોળીયા, સંદીપભાઈ પંડ્યા તેમજ તાલુકા પંચાયતના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા.

ભાવનગર રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમારની સુચનાથી

મની લોન્ડરીંગમાં વધુ એક ઝડપાયો

સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ભાવનગર દ્વારા આગળ વધતી તપાસ

ભાવનગર,

શ્રી ગૌતમ પરમાર પોલીસ મહાનિરીક્ષક શ્રી ભાવનગર વિભાગ, ભાવનગર ભાવનગર રેન્જ ખાતે સાયબર ક્રાઇમના બનાવો અટકાવવા

(અનુ. પાના નં.૭)

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ. ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

ચતુર્થ વાર્ષિક પૂણ્યતિથીએ
શ્રદ્ધાંજલી
સ્વ.દાદાભાઈ રાવતભાઈ વાળા
(ગામ – જામકા) તા. બગસરા
સ્વ. તા. ૧૨-૯-૨૦૨૦, શનિવાર
પ્રમુખશ્રી : જામકા સે. સ. મંડળી
ડેલીગેટશ્રી : કૂભકો કું. ન્યુ દિલ્હી
સૌના હૃદયમાં વસતા રહયા, સ્નેહના સાગરસમા હસ્કોઇને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનાર, મુખ પર મધુર સ્મિત, અંતરમાં ઉર્મી, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા. આપના દિવ્ય આત્માને પરમ કૃપાળુ સુરજ નારાયણ ભગવાન શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના છે.
લી.
સ્વ.હરેશભાઇ દાદાભાઇ વાળા (પુત્ર)
જસુભાઇ દાદાભાઇ વાળા (પુત્ર) અ.જુ.મ.સ.બેંક - ગોપાલગ્રામ
મનુભાઇ દાદાભાઇ વાળા (પુત્ર) - વિજયભાઇ હરેશભાઇ વાળા (પૌત્ર)
રાજદિપભાઇ હરેશભાઇ વાળા (પૌત્ર) - ગૌતમભાઇ જસુભાઇ વાળા (પૌત્ર)
શક્તિરાજભાઇ મનુભાઇ વાળા (પૌત્ર) - છગરાજભાઇ મનુભાઇ વાળા (પૌત્ર)
જાનવીબેન જસુભાઇ વાળા (પૌત્રી) - દેવાંશીબેન વિજયભાઇ વાળા (પ્રપૌત્રી)

BEFORE
AFTER
હેર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી ઇચ્છા ક્રાયોફ્રાઇડ અને અનુભવી ડોક્ટર પાસેથી જ કરાવવી જોઇએ. નહી : Adiva Center For Skin Hair And Laser
ડૉ. હર્ષિત રાણપરા M.D, DVD
(Diplomate - અમેરીકન બોર્ડ ઓફ હેર રીસ્ટોરેશન સર્જરી)
ADIVA centre for skin and hair
ગેલેક્સી કોમ્પલેક્ષ, ૧લો માળ, ૪-મનહર પ્લોટ, વિદ્યાનગર મેઇન રોડ, રાજકોટ.
81607 28372 | 99257 73435
www.adivaclinic.com

રાજકોટના નિષ્ણાંત ન્યુરો અને સ્પાઇન સર્જન
અમરેલી શહેરમાં
દર મહિનાના બીજા શુક્રવારે
તા. ૧૩/૦૯/૨૦૨૪
ડૉ. પિયાંક વસાવડા
એમ.બી.બી.એસ., એમ.એસ., એમ.સીએચ. - ન્યુરોસર્જરી,
ફેલોશિપ સ્કલ બેઝ અને પારસ્યુલર સર્જરી (WFNS વર્લ્ડ ફેડરેશન ઓફ ન્યુરોસર્જીકલ સોસાયટી) (કમ્બાઇન્ડ ન્યુરો અને સ્પાઇન સર્જન)
નીચે જણાવેલ તકલીફોનું નિદાન અને સારવાર
• મગજ અને ક્રોકડ્રાઇની ઈજા
• ડ્રુરનીનથી મગજ અને સ્પાઇનની સારવાર
• કંપન, ધ્રુજારી, પાર્કિન્સાનની સારવાર
• મેરુ-આંચકીની આધુનિક સારવાર
• પારસ્યુલર ન્યુરો સર્જરી
• ન્યુરો - ઓન્કોલોજી અને સ્કલ બેઝ સર્જરી
• બાળકોમાં ન્યુરોસર્જરી
સ્થળ અને સમય
ડૉક્ટર હાઉસ
કોલેજ રોડ, સિવિલ હોસ્પિટલની પાછળ, અમરેલી
સમય : સવારે ૧૧:૩૦ થી ૧:૩૦
અપોઇન્ટમેન્ટ માટે આજે જ સંપર્ક કરો :
૭૬૦૦૦ ૭૫૭૭૫

આપની સેફટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી ઝેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઇ મકવાણા – મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઇ મકવાણા – મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
ઉપલબ્ધ સારવાર :
સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કવરનું ફીલીંગ.
દાંતમાંથી નીકળતા લોહી, મોઢાની દુર્ગંધ તેમજ પાન -મશાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
દાંતની ઢગીસી (બધા જ દાંતનું ચોકઠું)
દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
નાના બાળકોના તમામ દાંત અને પેઢા ઓછા ખુલતા મોઢાની સારવાર.
પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
ડો.જય માકડીયા (યુરોલોજીસ્ટ)
નોંધ :-
હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રી કરી આપવામાં આવશે
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવશે


તારીખ : ૧૪-૦૯-૨૦૨૪, શનિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

ધારાસભ્ય સહિતના આગેવાનોની રજૂઆત

રાજુલામાં અધિકારીઓના પાપે છેલ્લા ૨૦ દિવસથી આધાર કાર્ડની કામગીરી બંધ

અનેક વખત અધિકારીઓને અખબારી અહેવાલો દ્વારા રજૂઆત છતાં પરિણામ શૂન્ય : સામાન્ય માણસોના નાના-મોટા કામ અટક્યાં

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી આધાર કાર્ડની કામગીરી બંધ થવા પામી છે પરિણામે સામાન્ય માણસોના નાના-મોટા કામ અટકીને ઊભા તેમ છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી જવાબદાર મામલતદાર ડેપ્યુટી કલેકટર તેમજ જિલ્લાના સત્તાધીશો અને જિલ્લાના અધિકારીઓ આ બાબતે કોઈ સત્વરે કાર્યવાહી નહીં કરતા ભારે રોષ વ્યાપી જવા પામ્યો છે. જાણવા મળતી વિગત મુજબ રાજુલા શહેરમાં ૨૦ દિવસ પહેલા ના સમયથી આધાર કાર્ડની કામગીરી બંધ છે આજે વીસ દિવસ આવ્યા તેમ છતાં હજુ સુધી આધાર કાર્ડની કામગીરી શરૂ થઈ નથી ત્યારે સામાન્ય કામો જેવા કે આધાર કાર્ડમાં સુધારા વધારા કરવા શાળાઓમાં બાળકોના આધાર કાર્ડ આપવા બેંકમાં કોઈ નામમાં સુધારો કરાવો કોઈ સિનિયર સિટીઝનને પેન્શનમાં સુધારો વધારો કરાવો આવા તમામ કામો આધાર કાર્ડના આધારે થતા હોય છે પરંતુ આ કામગીરી રહેતા સામાન્ય પ્રજામાં રોષ વ્યાપી જવા પામ્યો છે અવારનવાર અખબારી અહેવાલો સ્થાનિક મામલતદાર ડેપ્યુટી કલેકટર સમક્ષ રજૂઆતો કરવા છતાં પણ અધિકારીઓના પેટનું પાણી હલતું નથી અને અધિકારીઓ મૌન રહેતા ભારે રોષ વે આપી જવા પામ્યો છે અને અરજદારોને રાજુલા શહેર ઉપરાંત ૭૨ ગામના લોકોને ધર્મના ધક્કાઓ થાય છે આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ કાનાભાઈ ગોહિલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ દ્વારા સંબંધિત અધિકારીઓને રજૂઆત કરી અને તાત્કાલિક અસરથી આધાર કાર્ડની કામગીરી શરૂ કરવામાં આવે તેવી રજૂઆત કરી છે ત્યારે હવે શું ખરેખર આધાર કાર્ડની કામગીરી શરૂ થાય છે કે કેમ તે જવું રહ્યું રાજુલામાં અવારનવાર આધાર કાર્ડની કામગીરી થઈ જવા છતાં રાજુલાના સ્થાનિક અધિકારીઓ આ બાબતે કોઈ જાતની કામગીરી કરતા નથી અને અધિકારીઓના પાપે આધાર કાર્ડની કામગીરી બંધ રહેતા ભારે રોજ વ્યાપી જવા પામ્યો છે.

ભાજપ પ્રાથમિક સભ્યપદ અભિયાનમાં જોડાતા આગેવાનો

પ્રાથમિક સભ્યપદ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રામભાઈ સાનેપરા બાબરા તાલુકા ભાજપ ઉપપ્રમુખ કિરીટભાઈ બગડા ખાખરીયા સરપંચ વિપુલભાઈ બાબરા ના દલિત સમાજ ના યુવા નિલેશભાઈ બગડા દેવાંગભાઈ સાનેપરા તસવીરમાં નજરે પડે છે.

રૂ.૪૫ લાખના ખર્ચે નવનિર્માણ થયેલ

ધામેલ પ્રા. શાળાનું ધારાસભ્ય શ્રી તળાવીયાના હસ્તે લોકાર્પણ

સ્માર્ટ સ્કુલ માટે શિક્ષણ વિભાગે ગ્રાન્ટ ફાળવતા આધુનિક સુવિધા ઉભી કરાઇ

અમરેલી, હાલ ગુજરાત સરકાર દ્વારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સમગ્ર રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા તે આધુનિક અને ડિજિટલ ટેકનોલોજી થી શૈક્ષણિક કાર્ય થાય તે માટે શાળાઓના નવા બિલ્ડીંગ, ડિજિટલ સાઈન બોર્ડ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર લેબ વિગેરે માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે ત્યારે અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ધામેલ પ્રાથમિક શાળા માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૪૫ લાખના ખર્ચે નવું બિલ્ડીંગ જેમાં ૩ રૂમો તેમજ પ્લે એરિયા બનાવવામાં આવેલ આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ સાથે શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહે તે માટે સુવિધા સભર બિલ્ડિંગ સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલ છે આ નવનિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધા સભર બિલ્ડીંગનું લોકાર્પણ લોકપ્રિય અને સતત પ્રયત્નશીલ લાઠી બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા ના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. ધામેલ પ્રાથમિક શાળાના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન નરેશભાઈ ડોંડાં, ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ, વહીવટદારશ્રી, તાલુકા શિક્ષણ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શાળાનો સમગ્ર શિક્ષક સ્ટાફ, ગામના આગેવાનો, ઉદ્યોગપતિ, શાળાના બાળકો સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

બગસરા સમસ્ત બ્રહ્મસમાજના મંત્રીશ્રી બામટા દુબઈ જતા શુભકામના પાઠવી

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા તથા વડતાલ પીઠાધીપતિ ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ૧૦૮ શ્રી નૃગેન્દ્ર પ્રસાદજી મહારાજના શુભ આશીર્વાદથી દુબઈ ધામમાં શ્રી ભક્તિપર્વ અંતર્ગત દશાબ્દી મહોત્સવના સુંદર આયોજનમાં ધર્મકુળ પરિવાર સાથે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ બગસરાના મંત્રી શ્રી નંદલાલભાઈ દલસુખભાઈ બામટા જઈ રહ્યા છે આ ધર્મ કાર્યની વિદેશ યાત્રા દુબઈ મુકામે જવા બદલ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ બગસરા ખુબ ખુશી અને હર્ષની લાગણી અનુભવે છે તથા તેમની આ યાત્રા ખુબ સુંદર રીતે પરીપૂર્ણ થાય અને આવા અનેક પ્રકારના ધર્મ કાર્યો દેશ-વિદેશમાં જઈ અને ફેલાવતા રહે તેવી શુભેચ્છાઓ સાથે સમસ્ત બ્રહ્મ સમાજ બગસરા વતી પ્રમુખશ્રી કિરીટભાઈ જોશી ઉપપ્રમુખ શ્રી બકુલભાઈ દીક્ષિત તથા સમગ્ર કારોબારી ટીમ તેમને શાલ શ્રીફળ અને પડો આપી તેમની આ ધર્મ યાત્રા સફળ રહે તે માટે પ્રભુને પ્રાર્થના કરવામાં આવી છે અને શુભેચ્છા પાઠવવા માં આવી હતી.

ચલાલાના યુવાને યુપીએસસી પાસ કરી લેફ્ટનન્ટની મહત્વની પોસ્ટ મેળવી

યુપીએસસી પાસ કરી તાલીમ પણ પુર્ણ કરી : સન્માન

ચલાલા,

ચલાલા નહીં પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ કહી શકાય તેવા ચલાલાના વતની શ્રી પંકજભાઈ મુકેશભાઈ પરમાર આર્મીમાં ડાયરેક્ટ યુપીએસસી પાસ કરી લેફ્ટનન્ટ ની પોસ્ટ પર સિલેક્ટ થઈ તાલીમ પૂર્ણ કરી ચલાલા પધારતા તેઓનું ભવ્ય સ્વાગત ચલાલા ખાતે કરવામાં આવેલ જેમાં પેટ્રોલ પંપ પાસે અમરેલી રોડ પર તેઓનું સન્માન કરી અમરેલી રોડ થી પૂજ્ય દાનબાપુની જગ્યામાં તેમજ ભીમનાથ મહાદેવ પોલીસ ચોકી વિગેરે સ્થળોએ ભવ્ય સ્વાગત કરેલ અને સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાયત્રી મંદિરમાં રાખવામાં આવેલ પૂજ્ય શ્રી વલકુ બાપુ તેમજ પૂજ્ય રતીદાદા અને ભીમનાથ મહાદેવ મંદિરના મહંત દિનુભાઈ, એ સન્માન કરી આશિર વચન આપેલ, તેમજ આ કાર્યક્રમમાં ચલાલા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ તેમજ ગામના અગ્રણી મહેન્દ્રભાઈ સાદરાણી, મીઠાપુરના સરપંચ ઉપેન્દ્રભાઈ વાળા, નગરપાલિકાના માજી પ્રમુખ જયરાજભાઈ વાળા, ચલાલા શહેર ભાજપ પ્રમુખ ભઈલુભાઈ વાળા, અગ્રણી જયરાજભાઈ જેબલિયા, અશોકભાઈ કાથરોટીયા, ડોક્ટર દેવકુભાઈ વાળા, કમલેશભાઈ વિઠલાણી, નિવૃત પોલીસ ઈન્સ્પેક્ટર મધુભાઈ વાળા, અમરેલી જિલ્લા સૈનિક યુનિયન પ્રમુખ તરુણભાઈ શુકલ, અમરેલી થી ભરતભાઈ વાળા નિવૃત આર્મીમેન, અનુભાઈ ભિસ રિયા આર્મીમેન, ખાંભા બહારના હોદેદાર વકીલ શ્રી એનડી દેવમુરારી અને અમરેલી જિલ્લાના માજી સૈનિકો, સમગ્ર સન્માન કાર્યક્રમ માં હાજર રહેલ, સમગ્ર કાર્યક્રમ દરમ્યાન રાષ્ટ્ર ભાવના નું વાતાવરણ જોવા મળેલ સમગ્ર કાર્યક્રમનું આયોજન ધારી બારના ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ વાળા અને તેની ટીમે કરેલ અને સમગ્ર શહેરમાં રાષ્ટ્ર ભાવના અને રાષ્ટ્રપ્રેમ, અને સૈનિકો પ્રત્યેની લાગણી જોવા મળેલ સ્વયંભૂ ઉત્સાહ જોવા મળેલ હતો.

તા.૧૩મી એ ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટિસ ભરતી અને પ્લેસમેન્ટ મેળો યોજાશે

અમરેલી,

આગામી તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ શુક્રવારના રોજ ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રધાનમંત્રી એપ્રેન્ટીસ ભરતી તેમજ મેળો યોજાશે. સવારે ૧૧.૦૦ કલાકથી યોજાનાર આ કાર્યક્રમનો, આઈ.ટી.આઈ.ના તમામ ટ્રેડ, ધો. ૧૨ પાસ, સ્નાતક, ડિપ્લોમા પાસઆઉટ તાલીમાર્થીઓને લાભ લેવા માટે ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

છેલ્લા પાનાનું

નાસી જનાર

અકસ્માત સર્જનાર વિમલભાઈ ઉર્ફે બીપીનભાઈ મગનભાઈ સોલંકી હોવાનું ખુલવા પામતા તેમના વિરુદ્ધ નામદાર બાબરા કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ અને તે કેસમાં નામદાર બાબરા કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષે રજૂ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપી વિમલભાઈ ઉર્ફે બીપીનભાઈ મગનભાઈ સોલંકીને તકસીરવાન ઠરાવી ઈ.પી.કો.ક ૨૭૯ ના ગુનામાં બે માસ, ઈ.પી.કો.ક ૩૦૪છ ના ગુનામાં છ માસ. અને એમ.વી.એકટ ના ગુનાઓમાં પણ તકસીરવાન ઠરાવી. રોકડ રકમનો દંડ પણ બાબરા ના મહેરબાન જયુડીશીયલ મેજી. સાહેબ શ્રી એસ.સી.વાઘેલાએ હુકમ ફરમાવેલ છે.

આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણી નિમિત્તે

અમરેલી કોમર્સ કોલેજમાં માનસિક સ્વાસ્થ્ય સુધારણા જનજાગૃતિનો સેમિનાર યોજાયો

આત્મહત્યા નિવારણ વિષે તર્જજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું

અમરેલી, અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે માનસિક સ્વાસ્થ્ય સુધારણા તેમજ આત્મહત્યા નિવારણ વિષે એક માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શ્રી શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ અમરેલીના સોશિયલ વર્કર શ્રી નરેન્દ્ર ભાઈ મકવાણા તથા શ્રી તુષારભાઈ વાણીયા માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય સુધારણા અંગેની ટીપ્સ આપી હતી તથા આત્મહત્યા નિવારણ માટેના ઉપચારો વિષે માહિતગાર કર્યા હતા તથા વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે. એમ. તથા પ્રા. ડો. એ. બી. ગોરવાડીયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રા.ડો.એ.જી.પટેલ અને એન.સી.સી. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડબલ્યુ. જી. વસાવાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું આયોજન કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપલ પ્રા. ડો. એમ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમ આઈ.ક્યુ.એ.સી. કોઓર્ડીનેટર પ્રા. ભારતીબેન ફીણવીયાએ જણાવ્યું હતું.

બાબરાના ચમારડીમાં ભગવાન બલરામની જન્મજયંતિ ઉજવાઇ

લેરાનાથ ગૌશાળા ખાતે કિસાન સંઘ બાબરા સમિતી દ્વારા આયોજન

બાબરા,

બાબરાના ચમારડી ગામમાં લેરાનાથ ગૌશાળામાં ભારતીય કિસાન સંઘ-બાબરા-સમીતી દ્વારા ખેડુતોના ઈસ્ટદેવ અને કૃષ્ણ ભગવાનના મોટાભાઈ - હળધારી ભગવાન બલરામની જન્મજયંતિ ઉજવવામાં આવી હતી અને ભારતીય કિસાન સંઘ તાલુકા પ્રમુખ ભાનુભાઈ પાનશેરીયા તેમજ અમરેલી જિલ્લા ઉપપ્રમુખ લાલજીભાઈ વસ્તરપરા અને ૭૭ વર્ષની ઉંમરના વડીલ શ્રી પરશોતમ દાદા ભાયાણી તેમજ કાર્યકર્તાઓ અને ગૌશાળાના ભૂપતભાઈ ખીમાણી સર્વો મળી ધામધુમથી ગૌશાળામાં સફાઇ કરીને ઉજવણી કરવામાં આવી હતી.

સંઘના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં

અમરેલીમાં જિલ્લા સહકારી સંઘનાં બોર્ડ ઓફ ડીરેક્ટરર્સની બેઠક મળી

શ્રી દિલીપ સંઘાણી, શ્રી અશ્વિન સાવલીયા, શ્રી કૌશિક વેકરીયા સહિત મહાનુભાવોની ઉપસ્થિતિ

અમરેલી, અમરેલી અમરડેરી ના બોર્ડ ઓફ રૂમ ખાતે એન. સી. યુ. આઈ અને ઈફકો ના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી ની ઉપસ્થિતિ માં અમરેલી જિલ્લા સહકારી સંઘ ની આગામી કાર્યક્રમો ના આયોજન હેતુ બેઠક મળી હતી જેના જિલ્લા કક્ષાની ખાલી પડેલ જગ્યા પર શ્રી જયભાઈ મસરાણી અને ખાંભા તાલુકા ની બેઠક પર શ્રી અમરીશભાઈ જોષી ની નિયુક્તિ કરવામાં આવેલ હતી તેમજ ચેરમેન શ્રી મનીષ સંઘાણી દ્વારા સહકારી પ્રવૃત્તિ ને વધુ ગતિ આપવા અને કામ ની વેચણી કરવા માટે આ નવા ચૂંટાયેલ બોર્ડમાં અલગ અલગ કમિટી બનાવવા માટે રજુઆત કરી હતી જેમાં શિક્ષણ સહકારી કમિટી, કર્મચારી કમિટી, યુવા કમિટી અને મહિલા કમિટી જેવી વગેરે કમિટીઓ બનાવવા માટે નક્કી કરવામાં આવેલ હતું જ્યાં મહિલા કમિટી અને યુવા કમિટીમાં જિલ્લા ભરમાંથી અલગ અલગ તાલુકામાંથી એક સદસ્ય અને ૧૧ તાલુકા ના અગિયાર અને ૪ મળી કુલ ૧૫ જણાની કમિટી બનાવવા માટે નક્કી કરવામાં આવ્યું હતું વધુમાં નવા ચૂંટાયેલ અને નિયુક્તિ થયેલ બોર્ડ ઓફ ડાયરેક્ટરર્સ ને ઘોષણા પત્ર અને નિયુક્તિ પત્ર એનાયત કરવામાં આવેલ હતા. આ અવસરે ગુજરાત વિધાન સભાના મુખ્ય નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, અમરડેરી ના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યા હતા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ/મરણ અરજી નં.૨૩૩/૨૦૨૪
અરજદાર :- શ્રી કાંધમણા મનુભાઈ મધુભાઈ રહે.ભચાદર, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ભચાદર, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભચાદર ગામના શ્રી કાંધમણા મનુભાઈ મધુભાઈના ભાઈ શ્રી અનકભાઈ મનુભાઈ કાંધમણાનો જન્મ તા.૧૭-૦૫-૧૯૮૦ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એમ.એમ.લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૩-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૨૩-૦૮-૨૦૨૪
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ/મરણ અરજી નં.૨૪૬/૨૦૨૪
અરજદાર :- શ્રી ગુજરીયા ખાટાભાઈ વાઘાભાઈ રહે.ખેરા, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ખેરા, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના શ્રી ગુજરીયા ખાટાભાઈ વાઘાભાઈએ તેમના પુત્ર શ્રી અશ્વિનભાઈ ખાટાભાઈ ગુજરીયાનો જન્મ તા.૦૫-૦૪-૨૦૦૩ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી વી.બી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૩-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૨૩-૦૮-૨૦૨૪
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ/મરણ અરજી નં.૩૭૭/૨૦૨૪
અરજદાર :- શ્રી કાળુભાઈ જાદવભાઈ ગુજરીયા રહે.ખેરા, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ખેરા, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના શ્રી કાળુભાઈ જાદવભાઈ ગુજરીયાના પિતા શ્રી જાદવભાઈ જગાભાઈ ગુજરીયાનું મરણ તા.૨૦-૦૩-૧૯૯૯ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી વી.બી.ધાખડા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૩-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૨૩-૦૮-૨૦૨૪
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ/મરણ અરજી નં.૩૭૩/૨૦૨૪
અરજદાર :- શ્રી વલકુભાઈ ભાણાભાઈ ખુમાણ રહે.ભચાદર, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ભચાદર, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભચાદર ગામના શ્રી વલકુભાઈ ભાણાભાઈ ખુમાણના માતા સ્વ.શ્રી આઈબાબેન ભાણાભાઈ ખુમાણનું મરણ તા.૨૦-૦૩-૨૦૧૪ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એમ.એમ.લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૨૩-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૨૩-૦૮-૨૦૨૪
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ/મરણ અરજી નં.૨૪૫/૨૦૨૪
અરજદાર :- શ્રી ગુજરીયા કાળુભાઈ દુદાભાઈ રહે.ખેરા, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ખેરા, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના શ્રી ગુજરીયા કાળુભાઈ દુદાભાઈએ તેમના પુત્રી શ્રી જીણીબેન કાળુભાઈ ગુજરીયાનો જન્મ તા.૦૧-૦૧-૨૦૦૧ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી એમ.એમ.લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૭-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૧૭-૦૮-૨૦૨૪
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

રાજુલાના મહે.એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા
અ.નં.૩૮૮/૨૦૨૪
અરજદાર :- શ્રી ગુજરીયા મસરીભાઈ ચકુરભાઈ રહે.ચાંચ, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ચાંચ ગ્રામ પંચાયત, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મોજે ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી. ગામના અરજદારશ્રી ગુજરીયા મસરીભાઈ ચકુરભાઈએ તેમના સંતાન નામે ગુજરીયા પ્રકાશભાઈ મસરીભાઈની જન્મ તા.૨૮-૧૦-૨૦૦૭ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી કે.બી.કામળીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

રાજુલાના મહે.એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા
અ.નં.૩૯૦/૨૦૨૪
અરજદાર :- શ્રી જેઠાભાઈ ઝવેરભાઈ ગજેરા રહે.રાભડા, તા.રાજુલા
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી રાભડા ગ્રામ પંચાયત, તા.રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મોજે રાભડા, તા.રાજુલા, જી.અમરેલી. ગામના અરજદારશ્રી જેઠાભાઈ ઝવેરભાઈ ગજેરાએ તેમના સંતાન નામે ભાવિકાબેન જેઠાભાઈ ગજેરાની જન્મ તા.૨૫-૨-૧૯૭૫ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી કે.બી.કામળીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.
સ્થળ : રાજુલા
તા.૧૧-૦૯-૨૦૨૪
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂ.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
ગણેશોત્સવ નિમિતે અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

ભાઇઓ - બહેનોની જરૂર છે
કરવાની થતી કામગીરી
(૧) પત્રીકાઓ ઘેર ઘેર આપવી
(૨) અતિ લાભપ્રદ એવા આંખના આયુર્વેદિક ટીપા નિઃશુલ્ક સૌને આગ્રહપુર્વક આંજી આપવા
(૩) બિમારી થી કેમ બચવુ તે સમજાવવુ
વિનુભાઇ છાશવાળા મો.૯૪૨૭૪ ૨૯૨૬૧
મો.૯૩૭૬૨ ૮૩૦૪૧, ૯૬૬૨૭ ૮૫૦૨૨

મહિલા સશક્તિકરણ અને મહિલા વિષયક યોજનાની વિગતો આપવા

લાઠી અને બગસરા સહિત અમરેલી જિલ્લાભરમાં આજે નારી સંમેલનો

મહિલાઓને નારી અદાલત અને નારી અદાલતનાં કાર્યો સહિતનું માર્ગદર્શન અપાશે

અમરેલી,

મહિલાઓને નારી અદાલત અને નારીઅદાલતના કાર્યો, મહિલાસશક્તિકરણઅને મહિલા વિષયક યોજનાઓની વિગતો અને માર્ગદર્શન આપવાના હેતુથી, રાજ્ય મહિલા આયોગ અને જિલ્લા વહીવટી અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ને ગુરુવારના રોજ લાઠી ખાતે નારી સંમેલનનું આયોજન છે. અમરેલી જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી શિલ્પાબેન તળાવિયાના અધ્યક્ષસ્થાને લાઠી તાલુકા શાળા ખાતે સવારે ૧૦.૩૦ વાગ્યે 'નારી સંમેલન' યોજાશે. મુખ્ય અતિથિ તરીકે સાંસદશ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી-બાબરા ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા, સાવરકુંડલા-લીલીયાના મહેશભાઈ કસવાલા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્યશ્રી જે.વી. કાકડીયા, રાજુલા-જાફરાબાદના ધારાસભ્યશ્રી હીરાભાઈ સોલંકી સહિતના મહાનુભાવો, પદાધિકારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહેશે, તેમ બાળવિકાસ યોજના અધિકારીશ્રી લાઠીએ એક યાદીમાં જણાવ્યું છે.

બગસરા

તા.૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ને ગુરુવારના રોજ બગસરા ખાતે નારી સંમેલન યોજાશે. જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી અને મહાનુભાવો સહિતની ઉપસ્થિતિમાં બગસરા સ્થિત ગોકુલપરાના પટેલવાડી ખાતે બપોરે ૩.૦૦ કલાકે યોજાનાર 'નારી સંમેલન' માં વધુમાં વધુ મહિલાઓને જોડાવવા બગસરા આઈ.સી.ડી.એસ. ઘટકના એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યું છે.

કુંકાવાવથી વાઘણીયા પીઠડીયા ચોકડી રોડ સાવ બીસ્માર હાલતમાં

રોડ પર માત્ર પેચ વર્ક કરી ગાબડામાં ખાડા પુરી દેવામાં આવે છે ?

જુના વાઘણીયા, (મગનભાઈ સરવૈયા)

પીઠડીયા ચોકડી થી બગસરા તરફ જવા માટેનો નવો રોડ સારો બની ગયો છે પરંતુ પીઠડીયા ચોકડીથી કુંકાવાવ તરફનો માત્ર ૮ કી.મી. રોડ અત્યંત બીસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે.જે રોડ આખો નવેસર બનાવવાની જરૂરીયાત છે ત્યારે ચોમાસાની સીઝનમાં ખરાબા થતા રોડ પત માત્ર પેચ વર્ક કરી ગાબડા અને ખાડા પુરી તંત્ર દ્વારા સંતોષ માની લેવામાં આવે છે. આ ખરાબ રોડ ઉના,દિવ, ધારી, બગસર, રાજકોટ, ધોરી માર્ગના કારણે અનેક વાહનો ખખડધજ બની રહ્યા છે તેમજ આવતા જતા રાહદારીઓ અને કુંકાવાવ કે બગસરા દવાખાને જતા જુના વાઘણીયા અને નવા વાઘણીયાના દર્દીઓ પણ ત્રાહીમામ પોકારી ઉઠયા છે.ઘણા વર્ષથી બીસ્માર રોડ પર માત્ર રીપેરીંગ કામના નામ પર થોડુ ઘણુ પેંચ વર્ક કરી સંતોષ માની લેવાય છે પરંતુ વડીયા વાળો જે રોડ આખો ખરાબ જે તે નવો બનાવવો જોઈએ ત્યા માત્ર સામાન્ય કામ થતા તંત્ર તેમજ નેતાજીઓ પાસેથી સારા રોડ રસ્તાઓની ગ્રામજનો દ્વારા આશા સેવાઈ રહી છે. ખરાબ રોડના કારણે અનેક રાહદારીઓને અકસ્માતનો ભય સેવી રહ્યા છે.

કાઠીયાવાડ જેવી કોમી એક્તા ક્યાંય ન મળે

રાજુલા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં રાજુલાના મુસ્લિમ સમાજના આગેવાનો જોડાયા હતા સાંજે થયેલ આરતીમાં વોરા મુસ્લિમ સમાજ આરતીમાં જોડાઈને ગણેશજીની આરતી ઉતારી હતી અને અનોખી કોમી એકતા જોવા મળી હતી તે તસવીરમાં નજરે પડે છે.

અમરેલી નાગનાથ મંદિરે રાજનભાઇ જાનીનાં હસ્તે ગણપતિની આરતી

અમરેલીમાં આવેલ નાગનાથ મહાદેવ મંદિર ખાતે નાગનાથ યુવક મંડળ દ્વારા આયોજીત સાર્વજનિક ગણેશ ઉત્સવ ૨૦૨૪ માં ગણપતિજી ની મહા આરતી ગણેશ ઉત્સવ માં મુખ્ય મૂર્તિ ના યજમાન રાજન ભાઈ જાની પરિવાર ના હસ્તે મહા આરતી કરવામાં આવી હતી આ સાર્વજનિક ગણેશ ઉત્સવ નું આ ૧૨૫ મુ વર્ષ ઉજવવામાં આવે છે જેમાં બહોળી સંખ્યા માં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા તે તસવીરમાં નજરે પડે છે.

બગસરામાં સદસ્યતા બુથ ડ્રાઇવ અંતર્ગત બેઠક મળી

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરામાં ભાજપ સદસ્ય બુથ ડ્રાઈવ અંતર્ગત બેઠક અહીંના આશીર્વાદ રેસ્ટોરન્ટ ખાતે મળી હતી.

જેમાં અમરેલી જિલ્લા ઉપપ્રમુખ શ્રી રામભાઈ સાનેપરા શહેર ભાજપ પ્રમુખ શ્રી ધીરુભાઈ કોટડીયા, અમરેલી જિલ્લા મંત્રી શ્રી મનોજભાઈ મહિડા મહામંત્રી ભાવેશ અમૃતલાલ મસરાણી મહામંત્રી શ્રી અશોકભાઈ પંડ્યા ઉપ પ્રમુખ શ્રી ડો ધીરુભાઈ પીપળીયા, સંજયભાઈ પરમાર, જયસુખભાઈ મેર, ભરતભાઈ માંડલિયા, સહ ઈન્ચાર્જ મહેશ માંડલિયા, મેહુલ મસરું, બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મહેશભાઈ દુધરેજીયા, ચિરાગભાઈ પરમાર, નંદલાલ હિંગુ, ગીરીબાપુ, ભાવેશ ડાભી, જયેશભાઈ પંડ્યા, જયસુખભાઈ રાવળદેવ, નિલેશભાઈ દેશાણી, વગેરે હાજર રહ્યા હતાં.

તેરા તુજકો કાર્યક્રમ અંતર્ગત

અમરેલીમાં ગુમ થયેલ મિલક્ત શોધી અરજદારને પરત આપતી પોલીસ ટીમ

અરજદારોની ગુમ થયેલ મિલક્ત શોધી આપવામાં સીટી પોલીસ સહાયભુત બની

અમરેલી, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એલ.ખટાણા નાંઓની રાહબરી હેઠળ અમરેલી સીટી પો.સ્ટે.ના અલગ-અલગ મિલકત ગુમની અરજીઓ અનુંસંધાને અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા કમાન્ડ કંટ્રોલ સેન્ટર, નેત્રમ અમરેલીના પો.સ.ઈ. એચ.એલ.પાથર તથા ટીમના સહયોગથી સી.સી.ટી.વી. ફુટેજીસ જોઈ તેનો સઘન અભ્યાસ કરી ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલકત શોધી મુળ માલીક સાગરભાઈ રાઘવભાઈ પઢારીયા રહે.ઢસા તા.ગઢડા જી.બોટાદવાળા ગત તા.૧૦/૦૯/૨૦૨૪ના રોજ રાજકમલ ચોક ખાતે પોતાના પરીવાર સાથે નાસ્તો કરવા જતી વખતે રસ્તામાં પોતાના પત્નિનું, પર્સ ગુમ થઈ ગયેલ હોય જે આજરોજ શોધી પર્સ તથા પર્સમાં રહેલ રોકડ રકમ રૂ.૧૦,૦૦૦, જીગ્નેશભાઈ અમૃતભાઈ પરમાર રહે અમરેલીવાળા ગત તા.૧૦/૦૯/૨૦૨૪ ના રોજ મોટા બસસ્ટેશન પાસે જતા સમયે પોતાનો એન્ડ્રોઈડ મોબાઈલ પડી જઈ ગુમ થયેલ હોય જે આજરોજ મોબાઈલ કોન ગોધી અશ્વિનભાઈને, અશ્વિનભાઈ વાલજીભાઈ દેસાઈ રહે.અમરેલીવાળા ગત તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ ભિડભંજન પાસે ચાલુ બાઈક ઉપરથી પોતાની દીકરીનો એન્ડ્રોઈડ મોબાઈલ પડી જઈ ગુમ થયેલ હોય જે મોબાઈલ ફોન શોધી અશ્વિનભાઈને પરત કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અમરેલી સીટી પોલીસ ટીમે સાર્થક કર્યો હતો.

94281 90118

ઉમિયા ફેશન

બ્રાન્ડેસ

ઓફિસિયલ વેર | કોટન ટ્રાઉઝર

ટ્રેક પેન્ટ | ટી-શર્ટ | જીન્સ | નાઇટવેર

JOCKEY

Levi's

LUX cozi

M to 5XL અને 28 to 48 કમર

એકજ ભાવ

કાંચીરો ટ્રેક પેન્ટ મળશે.

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડીયા વાળા)

વાહ કયા સીન હૈ..!

અહમદખાન

મહુવાનાં વાઘનગરનાં વતની અને વણાંકબારા જીએસપીસીએલમાં ડેપ્યુટી એન્જીનીયર રાજુભાઈ પઠાણનાં ક્યુટ બોય અહેમદખાનનો આજે જન્મદિન. દાદા ઇસ્માઇલખાન, દાદી ગુલશનબેન, મમ્મી મુસ્કાનબાનુ, બાપુ સુલતાનખાન, કાકા વસીમખાન અને પઠાણ પરિવાર આજે કેક કાપી જન્મદિન ઉજવશે.

-:: જાહેર નોટિસ ::-

આથી અમો નીચે સહી કરનાર રાજેન્દ્ર એમ. આશર એડવોકેટ, O. F/ 55/A, સિદ્ધિવિનાયક શોપિંગ સેન્ટર, પ્રથમ માળે, હોટેલ એન્જલ લોર્ડ'સ એન્જલ ઈકો ઈન, જૂના માર્કેટિંગ યાર્ડ, રહે. અમરેલીનાં, તે અમારા અસીલ બાબુભાઈ મધુભાઈ હિરપરા ઠે. કિકાણી પ્લોટ, લિલિયા મોટા(તા.લિલિયા-વ-જિ.અમરેલી)નાંતરફથી મળેલી સૂચનાઅનુસાર તથા માહિતી મુજબ, આથી, તમામ લાગતાં વળગતાઓને તથા જાહેર જનતાને, આ જાહેર નોટિસ આપીને, જણાવવામાં આવે છે કે, અમારા ઉપરોક્ત અસીલને, પુત્ર નામે જીજ્ઞેશ બાબુભાઈ હિરપરા ઉ.વ. આ.૪૨, રહે. હાલમાં ઠે. બંગલો નં. ૨૨, નિલકંઠ સોસાયટી, સન્ડે હોમ્સની સામે મુ. કોસ્માડા (જિ. સુરત)ની સાથે છેલ્લા આશરે પાંચેક વરસથી તિવ્ર- મતભેદ થતાં તથા મનદુઃખ થતાં તે અમારા અસીલનાં કે અસીલનાં પરિવારનાં કહ્યામાં નથી તેમ જ સુરત મુકામે છેલ્લાં પાંચેક વરસ ઉપરાંતથી અલગ રહે છે તેમજ અમારા અસીલનો કોઈપણ જાતનાં વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ છે, આથી હવે, અમારા ઉપરોકત અસીલ પોતાની સ્વોપાર્જિત તથા તેમની સંયુક્ત માલિકીની સનાળિયા, લિલિયા મુકામે આવેલ તમામ સ્થાવર-વ-જંગમ મિલ્કતોમાં, તથા સુરત મુકામે આવેલ તમામ સ્થાવર-વ-જંગમ મિલ્કતોમાં, તેમનાં ઉપરોકત પુત્ર જીજ્ઞેશનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક-હિત કે હિસ્સો કાયદેસર રીતે કે ઈત્તર રીતે પણ રહેતો નથી, તેમજ અમારા ઉપરોકત અસીલ તેમને હવે કંઈપણ આપવા માંગતાં નથી. તેથી અમારા ઉપરોક્ત અસીલનાં ઉપરોકત પુત્ર જીજ્ઞેશ બાબુભાઈ હિરપરા રહે. હાલમાં સુરતનાં સાથે, અમારા ઉપરોક્ત અસીલનાં નામે કોઈપણ પ્રકારનો આર્થિક, નાણાકીય, સામાજિક કે અન્ય કોઈપણ પ્રકારનો લેવડ-દેવડનો વ્યવહાર કરવાનો નહીં અગર તો કરશો નહીં કે કરાવશો નહીં તેમ, છતાં પણ ઉપરોકત કોઈપણ પ્રકારનો વ્યવહાર ઉપરોકત જીજ્ઞેશ બાબુભાઈ હિરપરા સાથે કરશે અગર કરવામાં આવશે, તો તેમાં અમારા ઉપરોકત અસીલની કોઈપણ પ્રકારની કાયદેસર રીતે કે અન્યથા પણ કોઈ જવાદારી રહેશે નહીં કે તેને બંધનકર્તા રહેશે નહી, અને તે પરત્વેની અમારા ઉપરોક્ત અસીલ ઉપર કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી કરવા માટે કાયદેસર રીતે કે અન્યથા પણ હકકદાર બનશો નહી, વિશેષમાં, અમારા ઉપરોકત અસીલની સ્વપાર્જિત કે સંયુકત માલિકીની તમામ સ્થાવર મિલ્કતોમાં અમારા અસીલની સંમતિ કે પરવાનગી વગર કોઈપણવ્યક્તિએ કોઈપણ પ્રકારે પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં, તેમાં અમારા અસીલને કોઈપણપ્રકારની અડચણ, અટકાયત કે અવરોધ ઉભો કરવો નહી, કે કરાવવો નહી. તદ ઉપરાંત અમારા ઉપરોકત અસીલ તેમનાં નામે હથિયાર ધરાવે છે તેનું લાયસન્સ પણ ધરાવે છે જે હથિયારનાં લાયસન્સમાં તેમનો ઉપરોકત પુત્ર જીજ્ઞેશ પણ રિટેઈનર તરીકે પોતાનું નામ ધરાવે છે અને તે જીજ્ઞેશનું રિટેઈનર તરીકેનું નામ પણ રદ કરાવવા માટે અમારા અસીલ તજવિજ કરી રહ્યા છે તેમ જ ઉપરોક્ત જીજ્ઞેશ પણ હથિયારધારી લાયસન્સ ધરાવે છે, તેથી ભવિષ્યમાં પણ ઉપરોકત જીજ્ઞેશ તેમની પાસેનાં હથિયાર કે રિવોલ્વરથી પોતે કે કંઈપણ જાતનાં અપકૃત્યો આચરે તો તે પરત્વેની જવાબદારી પણ અમારા ઉપરોકત અસીલશ્રીની રહેતી નથી, જેની તમામ લાગતા વળગતાઓએ, તેમજ જાહેર જનતાંએ ગંભીર નોંધ લેવી. આજરોજ તા. ૧૨/૦૯/૨૦૨૪.

અમારી સૂચનાથી,
બાબુભાઇ મધુભાઇ હિરપરા
મુ.લિલિયા (મોટા)

અમારા ઉપરોક્ત અસીલની સૂચના મુજબ,
(રાજેન્દ્ર એમ.આશર - એડવોકેટ અમરેલી)
મો.નં.૯૩૨૭૬ ૩૫૮૫૫

મોરંગી ગ્રામ પંચાયત તા.રાજુલા, જી.અમરેલી

જાહેર હરરાજીની નોટીસ

આથી જાહેર હરરાજીમાં રસ ધરાવતી પાર્ટીઓને જણાવવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામે જુની ગ્રામ પંચાયત કચેરીના મકાનનાં ડમલાની જાહેર હરરાજી નિકાલ કરવાની તારીખ : ૧૮-૦૯-૨૦૨૪ ને બુધવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે જુની ગ્રામ પંચાયત કચેરીના સ્થળે જાહેર હરરાજી રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતી લાગતી વળગતી પાર્ટીઓએ સમયસર હાજર રહેવું. હરરાજીમાં ભાગ લેનાર પાર્ટીઓએ રૂપીયા ૨૫૦૦/- ડિપોઝીટ પેટે અગાઉથી જમા કરાવી હરરાજીમાં ભાગ લઇ શકશે. હરરાજીની અપસેટ કિંમત અને શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરરાજી મંજુર ના મંજુર કરવાના તમામ અધિકાર સરપંચશ્રી મોરંગી ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

તારીખ : ૧૨-૦૯-૨૦૨૪

વી.ડી.પંડ્યા - તલાટી કમ મંત્રી, મોરંગી ગ્રા.પં.તા.રાજુલા

ભાણજીભાઇ જે.રાઠોડ - સરપંચશ્રી, મોરંગી ગ્રા.પં.તા.રાજુલા

-:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર કલ્પેશકુમાર વી. અકબરી, એડવોકેટ, તે મારા અસીલની સુચના અને તેમના વતી આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકાના વાવડી (રોડ) ગામના ખેડ ખાતા નંબર-૮૩, રે. સ. નં, -૬૨/૧ પૈકી ૩, હે. ૦-૭૧-૮૪, આ.ચો.મી. તથા રે.સ.નં.૬૨/૧ પૈકી ૪, હે. ૦-૭૧-૮૪, આ.ચો.મી.વાળી ખેતીની જમીન વઘાસીયા સવિતાબેન રસીકલાલ તથા વઘાસીયા રેખાબેન રસીકલાલ તથા વઘાસીયા ભરતભાઇ રસીકલાલ તથા વઘાસીયા જગદીશભાઇ રસીકલાલ બધા મુળ રહે.તાલાળીના સંયુક્ત નામે ચાલે છે.

ઉપરોક્ત સીમની જમીન તેમની પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે, સમજુતી કરેલ છે, ઉપરોક્ત લખેલ સીમની જમીન સબંધે કે માલીકી નામે ટાઇટલ સબંધે કબજા સબંધે કે કાંઇપણ લાગ ભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઇ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે કોઇપણ બેંક કે સહકારી સંસ્થા કે મંડળી કે પ્રાઇવેટ ફાઇનાન્સનું લેણુ હોય કે અન્ય કોઇપણ લેણુ હોય કે ઉતરોતર ટાઇટલ સબંધે કે ગાડામારગ હક્ક અંગે કે ઇઝમેન્ટ રાઇટ્સ સબંધે અન્ય કોઇપણ પ્રકારનો વાંધો તકરાર, દર દાવો હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-દસ (૧૦) માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઇના વાંધા તકરાર આવશે નહી તો ઉપરોક્ત લખેલ રે.સ.નં. ની જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર કે દર દાવો નથી અને હોય તો પણ સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ ઉપરોક્ત લખેલ સર્વે નંબરનો પાકો રજીસ્ટર દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર બાદ જો કોઇના વાંધા તકરાર આવશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની તમામએ નોંધ લેવી.

તારીખ : ૧૨-૦૯-૨૦૨૪

સરનામું :- C/o. દેવ કોમ્પ્યુટર - વડિયા,
મુ. - વડિયા, ઠે, સુરગપરા, જુના બસ સ્ટેન્ડ રોડ,
તા.વડિયા - કુંકાવાવ, જી.અમરેલી.મો.નં.૯૪૨૬૭ ૮૨૯૮૩

રાજકોટમાં ઇલેક્ટ્રિક સ્કુટરમાં બ્લાસ્ટ, જો કે સદનસીબે કોઇ જાનહાની નહીં

અવસાન નોંધ

અમરેલી

અમરેલીનાં સાધુશ્રી નિખિલભાઈ હરિયાણી અને સાધુશ્રી કલ્પેશભાઈ હરિયાણીનાં પિતાશ્રી શ્રી રજનીભાઈ આણંદરામજીહરિયાણી તા.૧૦નાં રોજ સમાધિસ્થ થયા છે. સદ્ગતની પ્રાર્થનાસભાઅનેબેસણું તા.૧૨-૯-૨૪ ગુરૂવાર બપોરે ૪ થી ૬ સહજ હોલ, ચક્કરગઢ રોડ, ફાટક પાસે, અમરેલી રાખેલ છે.

પાંચમી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી

સ્વ.વ્રજલાલ ગિરજાશંકર ભટ્ટ

સ્વ.તા.૧૨-૯-૨૦૧૯, ગુરૂવાર (નિવૃત ગોપાલગ્રામ પ્રા.શા.આચાર્ય)

આંખો હજુ નીહાળે છે આપને અંતર હમેશા પોકારે છે આપને, સ્મરણ થાય છે ને મન મુકીને રડાવે છે અમોને આપની મીઠી સુવાસ સદા અમારા હૈયે રહેશે પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર: શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.

નરેશભાઇ ભટ્ટ - મહેશભાઇ ભટ્ટ
કિર્તીભાઇ ભટ્ટ - વૈભવભાઇ ભટ્ટ
હાર્દિકભાઇ ભટ્ટ - રીવા, જીયાન ક્રિશા

શ્રી ટોડા પ્રાથમિક શાળા, તા.લાઠી, જી.અમરેલી

-:: જાહેર હરરાજી ::-

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ટોડા ગામે પ્રાથમિક શાળામાં આવેલ જર્જરીત રૂમ - ૯ (સ્લેબવાળા) તથા મધ્યાહન ભોજન રસોડુ - ૧ (નળીયાવાળુ) આવેલ છે. તેના માલ સામાન લઇ તળીયુ સાફ અને સમતળ કરી આપવાની જાહેર હરરાજી નીચે જણાવેલ સ્થળ સમય અને તારીખે રાખવામાં આવેલ છે. હરરાજીની અપસેટ કિંમત રૂા.૨,૬૨,૦૦૦/- (અંકે રૂપીયા બે લાખ બાસઠ હજાર પુરા) છે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટ પેટે રકમ રૂા.૨૦,૦૦૦/- ભરવાની રહેશે. ડિપોઝીટ ભરનાર વ્યક્તિ જ હરરાજીમાં ભાગ લઇ શકશે.

ડિપોઝીટ ભરવાનો સમય : ૧૦:૦૦ થી ૧૧:૦૦
હરરાજીની તારીખ : ૧૮-૦૯-૨૦૨૪
હરરાજીનો સમય : સવારે ૧૧:૦૦ કલાકે
હરરાજીનું સ્થળ : શ્રી ટોડા પ્રાથમિક શાળા

હરરાજીની બોલીઓ અને શરતો હરરાજીના દિવસે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

શાળા વ્યવસ્થાપન સમિતિ, ટોડા, તા.લાઠી, જી.અમરેલી

આચાર્ય, શ્રી ટોડા પ્રાથમિક શાળા, મો.નં.૯૭૭૯૧ ૩૪૫૯૬

મહે શ્રી ખાંભા ના જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૮૮-૨૦૨૪............મુ.તા.૦૩-૧૦-૨૦૨૪

અરજદાર : ભીમજીભાઈ ભીખાભાઈ રાઠોડ રહે.ભુંડણી, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ભુંડણી, તા.ખાંભા, જી.અમરેલી

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારની પુત્રી નિરાલી ભીમજીભાઈ રાઠોડનો [illegible]

તૈયાર કરનાર ડી.એમ.કલસરીયા આસી. | મુકાબલ કરનાર ડી.જે.પઠાણ આસી. | હુકમ થી એ.એસ.દવે રજીસ્ટ્રાર ખાંભા

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૪૪/૨૦૨૪.......................તા.૧૨-૦૯-૨૦૨૪

અરજદાર :- શ્રી કાદરી અસરફન નિશા દિલાવર હુસેન રહે.રાજુલા

વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી નગરપાલિકા રાજુલા

નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી કાદરી અસરફન નિશા દિલાવર હુસેનના પુત્રી શ્રી કાદરી નાઝીમાબાનુ દિલાવર હુસેનનો જન્મ તા.૨૭-૦૮-૧૯૭૮ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી વિદ્યાબેન એમ.લાલવાણી મારફત અરજી કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયા ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૧૭-૦૮-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૭-૦૮-૨૦૨૪

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, રાજુલા

શ્રી ગુજરાત મહિલા ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લી.અમરેલી

કેરીયા રોડ, મહિલા વિકાસની બાજુમાં, અમરેલી ફોન નં.૨૨૧૧૯૦

આથી આપણી મંડળીના તમામ સભાસદ બહેનો/ભાઇઓ ને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની ૨૫ મી વાર્ષિક સાધારણ સભા આગામી તા.૨૨-૦૯-૨૦૨૪ ના રોજ નીચેના સ્થળે અને સમયે મળશે જેમાં હાથ ધરવાની કાર્યવાહી ની અનુસુચિ નીચે મુજબ છે.

-:: એજન્ડા ::-

(૧) ગત તા.૨૪-૦૯-૨૦૨૩ સાધારણ સભાની બેઠકમાં થયેલ કાર્યવાહીની શુધ્ધ વંચાણે લઇ બહાલી આપવા બાબત. (૨) તા.૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પુરા થયેલ ૨૦૨૩/૨૦૨૪ ના હિસાબો તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વર્ષ દરમિયાન કરેલ તમામ કાર્યવાહીનો ચેરપર્સનશ્રીનો અહેવાલ વંચાણે લઇ મંજુર કરવા બાબત. (૩) તા.૩૧-૦૩-૨૦૨૪ ના રોજ પુરા થયેલ ૨૦૨૩/૨૦૨૪ વર્ષના નફાની ફાળવણી બોર્ડ ઓફ ડિરેક્ટર્સે કરેલ છે તેને બહાલી આપવા બાબત. (૪) વ્યવસ્થાપક કમિટીમાં જરૂરી ફેરફાર અંગે વિચારણા કરવા બાબત. (૫) સને.૨૦૨૩/૨૦૨૪ ના વર્ષનું બજેટ મંજુર કરવા બાબત. (૬) પ્રમુખ સ્થાનેથી અથવા પુર્વ મંજુરીથી રજુ થાય તે અંગે નિર્ણય કરવા બાબત.

તારીખ : ૨૨-૦૯-૨૦૨૪

સ્થળ : અમરદાણ ફેક્ટરી સામે Centre of excellence (ET/IVF) લેબ, ધારી રોડ, અમરેલી..... સમય : ૧૦:૩૦ કલાકે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી
(ભાવનાબેન આર.બેસ) મંત્રી
શ્રી ગુજરાત મહિલા ક્રેડિટ
કો.ઓ.સો.લી.અમરેલી

નોંધ :- વાર્ષિક સાધારણ સભા મળવાના કલાક સુધીમાં કોરમ પુરૂ થયુ નહી હોય અથવા ચાલુ સભામાં કોરમ તુટે તો ઓછામાં ઓછા એક કલાક સુધી મુલત્વી રાખવામાં આવશે. મુલત્વી રાખેલ સભા કોરમ હોય અગર ન હોય તો પણ એક કલાક બાદ સભા મળશે અને કામગીરી નિકાલ કરવામાં આવશે.

નોંધ : મંડળીની વાર્ષિક સાધારણ સભાના એજન્ડા સભાસદ બહેનો / ભાઇઓને SMS દ્વારા જાણ કરવામાં આવેલ છે.

MARUTI SUZUKI ARENA | VITARA BREZZA

WICKEDLY POWERFUL

Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

મારુતિ સુઝુકી (ઓથોરાઇઝ્ડ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

વોટરકુલર - વોટરડીસ્પેન્સર

૨૪ વર્ષનો બહોળો અનુભવ...

દરેક પ્રકારનાં વોટરકુલર બનાવવા જોવા માટે આજે જ પધારો

તેમજ VOLTAS અને BLUE STAR કંપનીનાં વોટરકુલર અને ડીસ્પેન્સર મળશે

તુલસી રેફ્રીજરેશન

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી

મો. ૯૪૨૬૨ ૮૭૦૯૭

www.headway.guru
9081241916

અરે... વાહ...

૯,૯૯૯ થી ૯૯,૯૯૯

સુધીના કરોડોના ઇનામો! હા, સાચું વાંચ્યું.

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઇનામો.

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.

MGA મધુવન ગોલ્ડ આર્ટ

જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.

02792 - 222208, 94264 23006

madhuvangold.in

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૧-૦૯-૨૦૨૪ બુધવાર

ગીરના જંગલમાં હવે બંધારણીય કાનૂન છે કે એનો એ જંગલનો કાયદો ચાલે છે?

પ્રકૃતિ વન્ય સંપદા અને વન્ય જીવસૃષ્ટિ સ્વરૂપે પુરબહારમાં ખિલે છે. ગુજરાતની ઓળખ બની ગયેલા જંગલ તરીકે ગીરની પ્રતિષ્ઠા છે. સિંહના વિખ્યાત અભયારણ્ય એવા ગીરમાં આજકાલ જંગલનો કાયદો પ્રવર્તી રહ્યો છે. જંગલના કાયદાનો અર્થ છે કે અહીં કોઈ કાયદો જ નથી.

એક જમાનો હતો જ્યારે અહીંના નેસડાઓના માલધારીઓ સમગ્ર ગીર પંથકના સ્વામી હતા. તેઓ સિંહને સન્માનથી જોતા. કેન્દ્ર સરકારે અભયારણ્યમાંથી એ માલધારીઓની ઉત્થાપના કરી ત્યારથી સિંહનું ગૌરવ જાળવવામાં કોઈને રસ નથી. ઈ.સ. ૧૯૦૦ના અરસામાં રાજાઓના શિકાર શોખને કારણે આ એશિયાઈ સિંહની વસ્તી માત્ર ૧૫ રહી હતી.

ત્યારે જૂનાગઢના નવાબે સિંહના શિકાર પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. આજે ગીરના સિંહની સંખ્યા ઈ.સ. ૨૦૧૫ની ગણતરી પ્રમાણે ૫૨૩ જેટલી છે. સિંહદર્શન પાછળ છેલ્લા બે-ત્રણ વરસથી પ્રવાસીઓ એટલા ઘેલા થયા છે કે તેઓ અહીં જંગલમાં આવે એટલે કોઈ પણ રીતે સિંહને નજરોનજર જોવાનો લ્હાવો લેવા ચાહે છે. પ્રવાસીઓની આ દર્શન લાલસાને રોકડમાં રૂપાંતરિત કરી લેવા માટે અહીં નવા લાયન ગેંગસ્ટરો અસ્તિત્વમાં આવ્યા છે.

આ લાયન ગેંગસ્ટરોને ઝડપવા બહુ આસાન છે પરંતુ તેમની પહોંચ જંગલ અને જંગલ ખાતાના અધિકારીઓ એમ બન્ને તરફ છે. તેઓએ સરકારના સિંહ દર્શનના સત્તાવાર કાર્યક્રમને સમાંતર સિંહ જોઈ લેવા માટેના અસંખ્ય ગેરકાયદે માંચાડાઓ બાંધી લીધાછે. તેઓ મનફાવતેવી રીતે પ્રવાસીઓના નાણાં ખંખેરી લે છે. સિંહ એક શાલીન પ્રાણી છે. એનું સ્વરૂપ રાજસ્વીતાની આભા અને ઓજસથી ભરપુર છે.

જિંદગીનો એ એક દિલધડક અને રોમાંચક અનુભવ હોય છે જ્યારે સિંહનો સાક્ષાત્કાર થાય. લોકરસિકતાનો આ જુવાળ રાજ્ય સરકારના ધ્યાદામાં નથી, એનો સીધો જ કાયદો લાયન ગેંગસ્ટરો લઈ લે છે. સ્થાનિક પોલીસનો એ દરજ્જો નથી કે તેઓ આ ગુનાઈત પરિબળો સાથે બાથ ભીડે. હાલની વધી ગયેલી ઉપદવી પ્રવૃત્તિને નાથવા માટે અહીંએક સાથે ચાર-પાંચ આઈપીએસ અધિકારીઓની તેમની નવી ટીમ સાથે જરૂર છે. જો આમ નહિ કરવામાં આવે તો માનવજાતિનું એશિયાઈ સિંહ પરનું આએકપ્રકારનું ત્રાસદાયક આક્રમણ સિંહની વસ્તીના આંકડાઓને નીચે લાવી દેશે.

અન્ય પણ અનેક કારણો છે જેનાથી ગીરના સિંહ હવે ગીરમાં દુઃખી છે. તેમણે ગીર છોડીને અન્યત્ર નિરાંત શોધવાની શરૂઆત કરી છે. ૧૪૧ ચોરસ કિલોમીટરના આ નેશનલ પાર્ક વત્તા અભયારણ્યમાં હવે સિંહનું મન માનતું નથી. સિંહની અગવડ તરફ રાજ્ય કે કેન્દ્ર સરકારનું ધ્યાન નથી. શું સિંહનું જીવનપ્રજારંજન માટે છે? આઝાદી પહેલાના વરસોમાં ડાંગમાં અનેક વાઘ હતા. આજે ત્યાં અવશેષ પણ નથી. સરકારે સિંહ માટે અભય વરદાન આપ્યું છે કે ચારે બાજુ પથરાઈ ગયેલા હોટેલ-રિસોર્ટ ઉદ્યોગ માટે? ગીરમાં ખરેખર નિર્ભય તો પેલા ગેરકાયદે સિંહ દર્શન કરાવતા લાયન ગેંગસ્ટરો છે.

સિંહ દંપતી, સિંહબાળ અને એમ તમામ સિંહ પરિવાર અત્યારે ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. ગેરકાયદે સિંહદર્શન કરાવતા ગેંગસ્ટરો સિંહને અંતરિયાળ વિસ્તારમાંથી બહાર લાવવા માટે પથ્થરો મારીને ખાસ દિશા તરફ ન્વિગેટ કરે ત્યારે સિંહની હાલત એટલી ગૌરવહીન થઈ જયછે કે વન્યપ્રેમીઓ ધ્રુજી ઉઠે. ગેરકાયદે સિંહ દર્શનના સ્પોટ અને એનો મધ્યરાત્રિ પછીનો નક્શો પણ તૈયાર હોય છે.

સિંહને અન્ય પશુઓ સાથે હવે નીલગાય ઉપરાંત હોલા, કબુતર અને કુકડા પણ હાથોહાથ આપીને ગેરકાયદે આકર્ષવામાં આવે છે. ગીરના જંગલને પણ ભ્રષ્ટાચારે ભરડો લીધો છે.

મધ્યપ્રદેશમાં જે પાલપુર-કુણો વન્યજીવન અભ્યારણ્યમાં ગુજરાતના એશિયાઈ સિંહને વસાવવા માટે લઈ જવાની દરખાસ્ત છે તેનો ગુજરાત સરકારે વિરોધ કરતાં એ દરખાસ્ત હવે તો ઠરી ગઈ છે. છતાં એ વિવાદનો એક કેસ હજુ સર્વોચ્ચ અદાલતમાં પેન્ડિંગ છે.

મધ્યપ્રદેશનો પાલપુર એ વિસ્તાર છે જ્યાં ગીર જેટલા જ સિંહની વસ્તી હતી, જે આસપાસના લોકોના અતિક્રમણથી નામશેષ થઈ ગઈ. મધ્યપ્રદેશમાં એશિયાઈ સિંહ છેલ્લે ઈ.સ. ૧૮૭૩માં જોવા મળ્યા હતા એ ઈતિહાસનું પુંછડું પકડીને મધ્યપ્રદેશ સરકારે સિંહ પરિવારોની ડિમાન્ડ તૈયાર કરેલી છે. સિંહને રંજાડવાના અનેક વીડિયો વાયરલ છે.

આ ગ્રીષ્મ તુમાં સિંહ માટે રાત્રિજીવન જ મુખ્ય હોય છે. નદીની ભીની રેતમાં બેસીને વગડાના પવનમાં એ પોતાની મોજમાં હોય છે. દિવસભર ગ્રીષ્મના તડકામાં સિંહ હાંફે છે. રાત્રે શિકારની ફાવટ એશિયાઈ સિંહને વિશેષ છે. સિંહના આ સુખસમયને હવે અસામાજિક તત્ત્વોનું ગ્રહણ લાગી ગયું છે. ક્યારેક સરકાર છુટક અપરાધીઓને પકડે છેપણ પછી એમને મુક્ત કરી દે છે.

ખુલા કુવા, રેલવેટ્રેક તો સમગ્ર ગીરના જંગલમાં મોતના પડછાયાની જેમ પથરાયેલા છે. સિંહ હજુ માલધારીઓનો અવાજ ઓળખે છે અને આ માલધારીઓ હંમેશા સિંહથી નિર્દોષ નાગરિકોને બચાવી લે છે. પરંતુ જ્યારે એ જૂની પેઢી પણ ખસી જશે ત્યારે ગીરકાયદે અને અસલામત સિંહદર્શન જ યમદર્શન બની જવાની દહેશત રહે છે.

પ્રેમ લગ્ન કરેલ યુવાનના છુટાછેડા થઇ જતાં

ધારીમાં યુવાને ઝેરી દવા ગટગટાવી

સારવાર માટે યુવાનને દવાખાને ખસેડાયો

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
ધારીનવીવસાહતમાંરહેતાઆકાશભાઇ મુકેશભાઇ ધંધુકીયા ઉ.વ.૨૫એ બે વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરેલ હોય અને અઠવાડીયા પહેલા છુટાછેડા થઈ જતાં પોતાનેમનમાંલાગીઆવતાંપોતેપોતાની મેળે ઝેરી દવા પી જતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ.

અમરેલી-લીલીયામાં ટ્રાફિકને અડચણરૂપ બે વાહનચાલકો સામે પોલીસે ગુના નોંધ્યા

અમરેલી સિટી અને લીલીયા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અમરેલી, (ક્રાઇમ રિપોર્ટર) અમરેલી અને લીલીયામાં બે વાહનચાલકો સામે ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે રાખી વનરાજભાઈ વાળાએ ઓટો રિક્ષા જી જે ૦૪ ડબલ્યુ ૦૮૮૮ રહીમરહેમાનભાઈ સેલોત સામે તેમજ લીલીયા સનાળીયા ફાટક પાસે પો.કો-સ. સંજયભાઈ ઇટાળીયાએ રાજુ પુનાભાઈ ત્રાડ સિટી ડીલકસ બાઈક જી જે ૦૫ એફએ ૧૪૮૭ ટ્રાફિકને અડચણરૂપ રાખતાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

અમરેલીમાં તડીપારનો ભંગ કરતાં ઝડપાયો

હુકમનો ભંગ કરી અમરેલી જિલ્લામાં પ્રવેશતા પોલીસે ગુનો નોંધ્યો

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
અમરેલી હનુમાન પરા સહજાનંદ સોસાયટી શેર નં.-૩માંરહેતા ધર્મેશ ઉર્ફે ભુરો જેન્તીભાઈ બુધેલીયાને સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીદ્વારા તા.૨૦-૪-૨૪ના હુકમથી તા.૧૯-૪-૨૫ સુધી અમરેલી જિલ્લામાંથી તડીપાર કરેલ હોય છતાં હુકમનો ભંગ કરી અમરેલી જિલ્લામાં પ્રવેશ કરી મળી આવતાં પો.કોન્સ. ચિંતનકુમાર મારૂએ ઝડપી લઈ અમરેલી સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી ૨ વાહનચાલક સહિત ૧૦ નસેડીઓ ઝડપાયા

પોલીસે ૧૦ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતા ઝડપી લઇ જેલની હવા ખવડાવી

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સ્થળોએથી બે વાહનચાલકો સહિત ૧૦શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતાઝડપીલઈજેલીહવાખવડાવી સરભરા કરીહતી. જેમાં રાજુલા, ખાંભા, જાફરાબાદ, લીલીયા, અમરેલી, લાઠી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી.

ધારીના પ્રેમપરામાં બાઇક સ્લીપ થતાં યુવાનનું મોત

પુર ઝડપે બાઇક ચલાવતાં કાબુ ગુમાવી સ્લીપ થતાં માથામાં ઇજા થયેલ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
ધારીપ્રેમપરામેલડીમાતાના મંદિર આગળ ગોળાઈમાં જેતપુર તાલુકાના નવા ગઢ ગામના ધવલ વિષ્ણુભાઈ નિમાવત પોતાનું બાઈક પુર ઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગીજોખમાયતેરીતેચલાવીબાઈકનો કાબુ ગુમાવી સ્લીપ થઈ જતાં પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં મોત નિપજયાનું કૌશિકભાઇ કૃષ્ણચંદ્ર ધાળીયાએ ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ખાંભામાં કળીયુગી શ્રવણે વૃધ્ધ પિતા ઉપર કુહાડી વડે પગ માથામાં ઇજા કરી

માતાને ગાળો બોલી પિતાને કુહાડી વડે પગે અને માથામાં ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)
ખાંભા ભગવતી પરામાં રહેતાં પ્રેમજીભાઈ બાવભાઈ રાઠોડ ઉ.વ.૬૩નો દિકરો રમેશ પ્રેમજીભાઈ રાઠોડે પ્રેમ લગ્ન કરેલ હોય અને પ્રેમજીભાઈના પત્ની સાથે અવાર નવાર બોલાચાલી કરતો હોય તા.૧૦-૯ના પ્રેમજીભાઈ અને તેના પત્ની ઘરે હોય ત્યારે રમેશ પ્રેમજીભાઈના પત્નીને ગાળો બોલી મકાન ખાલી કરી બહાર જતાં રહેવાનું કહેતાં પ્રેમજીભાઈએ રમેશને બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ માતા પિતાને જેમ ફાવે તેમ ગાળો આપી ધમકી આપી પ્રેમજીભાઈને કુહાડી વડે ડાબા પગે અને માથામાં મારમારી ઈજા કરી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

રાજુલામાં જુગારનો દરોડા

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર) રાજુલા ગોકુળનગરમાં અશ્વિનભાઈ વજુભાઈ બોરીસાગરના રહેણાંક મકાન સામે આવેલ ખુલી શેરીમાં લતાબેન અશ્વિનભાઈ બોરીસાગર, ગીતાબેન બાબુભાઈ નગવાડીયા, સરોજબેન જયેશભાઈ પરમાર, સોનલબેન રાજુભાઈ ધાખડ ને હે.કોન્સ. હરપાલસિંહ ગોહિલે રોકડરૂ. ૧૫૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતાં.

ગુજરાત હાઇકોર્ટનો મોટો ચુકાદો

નશાની હાલતમાં થતા અકસ્માત કરનાર જવાબદાર વ્યકિતને ચુકવવું પડશે વળતર

અમદાવાદ,રાજયમાં નશાની હાલતમાં થતા અકસ્માત નાં કેસોમાં ગુજરાત હાઈકોર્ટે એક મોટો ચુકાદો આપ્યો છે. નશા ની હાલતમાં અકસ્માતમાં વળતર ચૂકવવા મામલે વાહન ચાલક જવાબદાર હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું હતું. ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું માત્ર વીમા કંપની પર વળતરની જવાબદારી નહીં. હાઈકોર્ટે કહ્યું હતું કે વીમા કંપની ઈચ્છે તો વાહનચાલક પાસે વળતર વસૂલી શકે છે. બનાસકાંઠામાં ૨૦૧૬માં થયેલા અકસ્માતના કિસ્સામાં હાઈકોર્ટે મહત્વનું અવલોકન કર્યું હતું. હાઈકોર્ટે કહ્યું હતું કે માત્ર અકસ્માત કરનાર કારની ઈન્શ્યોરન્સ કંપની જ વળતર ચૂકવવા માટે જવાબદાર નથી. ટ્રીબ્યુનલે ચુકાદામાં કહ્યું હતું કે, કાર ચલાવની વખતે ડ્રાઈવર નશામાં હોવાનું સાબિત થતુ નથી. વિમા કંપનીએ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા

મુખ્યમંત્રીના રાહતફંડમાં ૪.૬૪ કરોડ રૂપિયા અર્પણ

ભારે વરસાદથી અસરગ્રસ્તોને રાહત માટે ફંડ અર્પણ કરાયું

અમરેલી,મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ૪.૬૪ કરોડ રૂપિયા ની રકમનો ચેક મુખ્યમંત્રી રાહત નિધિ માટે અર્પણ કરવામાં આવ્યો હતો. રાજયમાં તાજેતરના ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા લોકોની સહાય માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સમગ્ર ગુજરાતની શાખાઓના અધિકારી કર્મચારીઓના એક દિવસના પગારની રકમના સ્વૈચ્છિક ફાળાનો આ ચેક સ્ટેટ ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજર હેમંત કરોલીયાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ કર્યો હતો. આ વેળાએ બેંકના વરિષ્ઠ અધિકારીઓ તેમજ કર્મચારી યુનિયનના પદાધિકારીઓપણ ઉપસ્થિત રહ્યા હતા.

ઋષિ પાંચમ એસટી ડેપોને ફળી

બગસરા એસટી ડેપો દ્વારા અનેક બસ રૂટ બંધ થતા પેસેન્જરો હેરાન

છેલ્લા ચાર દિવસથી અનેક રૂટ બંધ કરી દેતા ખાનગી વાહનોનો જ આધાર

બગસરા, (સમીર વિરાણી)આજ કાલ બગસરાડેપોવધુપડતોચર્ચામાંઆવી ગયો છે ત્યારે હાલમાં છેલ્લા ચાર દિવસથી અનેક બસોબંધ કરવામાંઆવતા મુસાફરોરજળી પડ્યા હતા. જ્યારે જાણવા મળતી માહિતી મુજબબગસરાડેપોદ્વારાછેલ્લાચારદિવસથી લગભગ૯થી૧૦બસોબંધકરવામાંઆવી છે. જ્યારે અહીંયાથી ઉપડતી સુપર લોકલ બસ બગસરા થી રાજકોટ જતી વહેલી સવારની તેમજ બપોરની અને બગસરા વીંછિયા અને બગસરા થી અમરેલી જુનાગઢ તેમજ ખાંભા ધોરાજી તેમજ બગસરા રાજકોટ વાયા જેતપુર અને બગસરા મહુવા જેવી અનેક બસો બંધ કરવામાં આવતા મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે. જ્યારે મુસાફરોહવેપૂછપરછ બારીમાં આ બસ ક્યારે જશે ના બદલે કઈ બસ ચાલુ છે તેવું પૂછવા મજબૂર બન્યા છે. જ્યારે મળતી માહિતી મુજબ અહીંના ડેપોના અધિકારીદ્વારા ડ્રાઈવરોને પી પાંચમ નિમિતે ઘણાને રજા મંજુર કરી હોવાથી આ તમામ રૂટો બંધ કરી દેવામાં આવ્યા હતા. જેના હિસાબે મુસાફરોને ખાનગી વાહનનો સહારો લેવો મજબૂર બન્યા હતા. જ્યારે આવા સંજોગોમાં એસ ટી ડેપોને અધિકારીની બેદરકારીના લીધે પી પાંચમ ફળી હતી. જેમાં શહેરની જનતા ત્રાહિમામ પોકારી ગઈ હતી. અને વહેલામાં વહેલી તકે આ તમામ બસો ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ડેડાણમાં શાંતિ સમિતીની બેઠક મળી

બેઠકમાં પોલીસ દ્વારા કાયદો વ્યવસ્થા અંગે સમિક્ષા કરાઇ

ડેડાણ,(બહાદુરઅલી હીરાણી)
ડેડાણ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતીની બેઠક મળી હતી તેમાં ડીવાયએસપી એચ.જી.ગોહીલ, પીએસઆઈ શ્રી ચૌહાણ તથા ડેડાણ ઓપી. સ્ટાફ અને હોમગાર્ડ કમાન્ડો ઘનશ્યામભાઈ કચ્છી, મહેશભાઈ કોટીલા, જીતુભાઈ કોટીલા, હરેશભાઈ કોટીલા, અલારખખાન સરપંચ પ્રતિનિધી, લાલભાઈ મકવાણા, અયુબખાન, મજીદભાઈ ટાંક, અલારખભાઈ પડાયા, ઈસ્માઈલભાઈ પઠાણ, બહાદુરભાઈ તથા મોહશીનખાન પઠાણ, નરેશભાઈ ભાલીયા, બાલભાઈ અગવાન, જગદીશ મકવાણા, તોલીબાપુ સહિતના આગેવાનો કાર્યક્રરો ઉપસ્થિત રહયા હતા આગામી તહેવારો ઈદ એ મીલાદ અને ગણેશોત્સવ દરમિયાન કોઈ બનાવો ન બને તે માટે શાંતિ રાખવા પોલીસે અપીલ કરી હતી અને કાયદો વ્યવસ્થાની ચર્ચા કરી હતી.

થોડા સમય પહેલા કમલેશભાઇ વાઢેર જમાદાર તરીકે આવ્યા હતા તેને ફરી મુકવા માંગણી કરી હતી.

સ્વ. શ્રી અરવિંદભાઈ મણિયારની ૪૧મી પુણ્યતિથી નિમિતે

બગસરામાં નાગરીક મંડળી દ્વારા ૮ શાળાનાં દત્તક લીધેલા બાળકોને કિટ વિતરણ કરાઇ

બગસરાના કવિ સ્નેહી પરમારને બિરદાવાયાં : આગેવાનોની ઉપસ્થિતિ

બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા મંડળી દ્વારા આજે સહકારી ક્ષેત્રના સ્વ.શ્રીઅરવિંદભાઈ મણિયારની ૪૧મી પુણ્યતિથી નિમિતે બગસરા નાગરિક શ.સહ.મંડળી દ્વારા ૮મા.શાળાના દત્તક લીધેલ વિદ્યાર્થીઓને હર વર્ષેની જેમ વર્ષે પણ મંડળીના ચેરમેન શ્રીરશિવનભાઈ ડોડીયાની આગેવાની નીચે મંડળીના જનરલ એમ.ડી.નિતેશ ડોડીયા સેક્રેટરી ડી.જી.મહેતા તેમજ મંડળીના ડિરેક્ટરોના હસ્તે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો તેમજ બગસરા મેઘાણી હાઈસ્કુલના શિક્ષક અને કવિ સ્નેહી પરમારને સંસ્કાર એવોર્ડ ગુજરાત રાજ્યના રાજ્યપાલના હસ્તે મળતા મંડળીના જનરલ એમ ડી નિતેશ ડોડીયા મંડળીના સેકેટરી ડી જી મહેતા મંડળીના ડિરેક્ટર મહેશભાઈ વ્યાસ સુરેશભાઈ પાઘડળ પ્રકાશભાઈ ભરખાડા સહિત ડિરેક્ટરો બગસરા મેઘાણી હાઈસ્કુલના પ્રિન્સીપાલ જેઠવા બગસરા કન્યા શાળાના પ્રિન્સીપાલ ઠાકર સહિતના ઉપસ્થિત રહીમાળકોને કીટ વિતરણ અને સ્નેહી પરમારને બિરદાવ્યા હતા

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૪૪૧૪૭૦૦

આજનું પંચાગ

તા ૧૨ .૯.૨૦૨૪ ગુરૂવાર ,સંવત ૨૦૮૦ ભાદરવા સુદ નોમ, મૂળ નક્ષત્ર ,આયુષ્ય યોગ, બાલવ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : ભાગ્ય ની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.
વૃષભ (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,અટકેલા કાર્ય કરી શકો,દિવસ મધ્યમ રહે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો,દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
કર્ક (ડ,હ) : શત્રુઓ થી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે .
સિંહ (મ,ટ) : સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત શકો,શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.
તુલા (ર,ત) : નોકરિયાતવર્ગને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નવા કાર્ય માં લાભ મેળવી શકો.
વૃશ્ચિક (ન,ય) : આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.
(ધ,ભ,ફ,ઢ): મિત્રોની મદદ મળી રહે,કામકાજ માં સફળતા મળે,દિવસ પ્રગતિકારક રહે.
મકર (ખ,જ) : ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી,બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વસે ના ચાલવું.
કુંભ (ગ,સ,શ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે,કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.
મીન (દ,ચ,ઝ,થ): નવા કાર્ય અંગે ક્રોસ ઉઠાવી શકો,આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

અમરેલીમાં સારહિ તપોવન આશ્રમને ઓકસીજન કોન્સનટ્રેટર દાનમાં અપાયું

રોટરી કલબ ઓફ અમરેલી ગીરના માધ્યમથી દાન



અમરેલી,સેવાને સરનામે –ઉમળકા સાથે તા.૦૭-૦૯-૨૦૨૪ નાં રોજ માતુશ્રી માનકુંવરબેન તલકચંદભાઈ વોરા હસ્તે શ્રી ચંદ્રકાંતભાઈ વોરા તરફ થી રોટરી કલબ ઓફ અમરેલી ગીર નાં માધ્યમ થી ઓકસીજન કોન્સનટ્રેટર મશીન સારહી તપોવન આશ્રમ ને અર્પણ કરવામાં આવ્યું, આ તકે સારહિ યુથ કલબ ઓફ અમરેલી નાં પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી, શ્રી બીરજુભાઈ અટારા, શ્રી સંજયભાઈ વણઝારા, શ્રી વિજયભાઈ ખુખવંદાણી, શ્રી મધુરભાઈ સાગલાણી, શ્રી નયનભાઈ પરસાણીયા, શ્રી પ્રતિકભાઈ સંઘરાજકા, શ્રી દેવદતભાઈ જાની, શ્રી ચંદુભાઈ રામાણી, શ્રી રેનીભાઈ રામાણી, શ્રી હરિભાઈ કાબરીયા, સહીત નાં પદાધિકારીશ્રી ઓ ઉપસ્થીત રહેલ, અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા નીપ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી.સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

કપાસ ૮૪૦ થી ૧૬૮૦ મગફળી ૯૦૧ થી ૧૧૦૬

અમરેલી માર્કેટ યાર્ડ
શિંગમઠડી-૯૮૨-૯૮૨
શિંગમોટી-૯૦૧-૧૧૦૬
શીંગફાડા-૧૦૦૦-૧૩૫૨
તલસફેદ-૧૭૦૦-૨૭૪૬
તલકાળા-૨૨૦૦-૩૫૧૦
બાજરો-૪૨૯-૫૨૩
ઘઉંટુકડા-૫૬૦-૬૧૬
ઘઉંલોકવન-૫૪૦-૫૮૯
તલકાશ્મીરી-૮૨૯-૩૩૩૩
ચણા-૧૦૪૦-૧૫૧૨
કપાસ-૮૪૦-૧૬૮૦
જુવાર-૫૦૦-૮૩૩
ધાણા-૯૭૦-૧૨૩૦
મેથી-૭૪૦-૧૦૯૯
સોયાબીન-૭૯૭-૮૪૭
અડદ-૧૩૦૦-૧૬૫૦
મગ-૧૭૭૬-૧૫૦૨
જીરૂ-૩૬૫-૪૬૫૦

અમરેલી માર્કેટયાર્ડ
બટેટા-૩૩૦-૫૨૦
રીંગણા-૮૦૦-૯૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીજ-૩૫૦-૫૦૦
ટમેટાં-૫૦૦-૬૦૦
ફોદીનો-૮૫૦-૯૦૦
ગાજર-૫૦૦-૬૨૦
ગલકા-૭૩૦-૮૦૦
કાકડી-૫૦૦-૫૯૦
ગુવાર-૬૦૦-૧૨૦૦
દુધી-૫૦૦-૬૦૦
તુરીયા-૬૫૦-૮૫૦
ભીંડો-૪૩૦-૫૨૦
આદુ-૬૦૦-૧૦૦૦
કોથમીર-૨૫૦૦-૩૫૦૦
મેથીભાજી-૧૮૫૦-૨૦૩૦
ટીંડોરા-૮૦૦-૬૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૨૦

મરચાલીલા-૬૫૦-૧૧૦૦
મુળા-૩૫૦-૪૦૦
લીંબુ-૧૮૦૦-૨૦૫૦
પાલક-૮૦૦-૧૦૦૦

રાજુલાયાર્ડ
ઘઉં-૪૬૧-૫૪૦
ચણા-
ઘઉં-૫૦૦-૬૬૨
જુવાર-૪૭૦-૮૬૧
શીંગ-૫૦૦-૯૬૦
તલસફેદ-૨૪૨૮-૨૭૧૭
તુવેર-
કપાસ-૧૦૦૧-૧૬૬૦
સોયાબીન-૮૦૨-૮૧૯
તલકાળા-

મહુવાયાર્ડ
ઘઉં-૪૬૦-૬૩૦
ડુંગળીલાલ-૧૪૦-૮૨૦

ચણા-૧૩૧૬-૧૪૨૨
તલસફેદ-૨૦૫૦-૨૭૦૦
જીરૂ-૪૨૦૦-૪૨૦૦
મેથી-૧૧૦૦-૧૧૦૦
તુવેર-૧૫૦૦-૧૬૩૫
ડુંગળીસફેદ-૧૪૦-૮૨૦
નાળીયેર-૪૮૦-૧૭૯૦
બાજરી-૪૦૯-૫૧૫
જુવાર-૪૦૦-૮૨૧
રાય-૧૧૯૩-૧૧૯૩

બાબરા
કપાસ-૧૪૬૨-૧૬૭૦
ઘઉં-૪૮૦-૫૦૦
બાજરો-૪૧૦-૪૪૦
જુવાર-૪૧૪૦-૪૪૦૦
તલસફેદ-૨૨૩૦-૨૪૨૦
તલકાળા-

ઘારી
કપાસ-૧૦૯૧-૧૫૫૫
અડદ-
તલ-૧૮૦૦-૧૮૦૦
બાજરો-
એરંડા-
ઘઉં-૫૩૧-૫૮૧
મગ-૧૪૭૦-૧૪૭૦
તુવેર-
શીંગફાડા-
સોયાબીન-૮૧૫-૮૧૫
મગફળી-

સાવરકુંડલા માર્કેટયાર્ડ
શીંગમોટી-૧૧૦૦-૧૧૪૧
શીંગદાણા-૧૨૦૧
જીરૂ-૩૮૫૦-૪૫૦૫
તલસફેદ-૨૧૦૦-૨૫૦૦
કપાસ-૧૪૦૦-૧૬૫૦
ઘઉંલોકવન-૫૦૦-૬૦૨
જુવાર-૪૫૦-૭૮૬
ઘઉંટુકડા-૫૨૫-૬૨૬
ચણા-૧૩૦૦-૧૫૦૦
સોયાબીન-૭૬૯
તુવેર-
બાજરો-૪૦૦-૪૯૫
રાજગરો-૧૩૫૧

ખાંભા
કપાસ-
જુવારસફેદ-
તલસફેદ-
ઘઉં-
મેથી-
બાજરો-
સોયાબીન-
જીરૂ-

બગસરા
કપાસ-૧૦૦૦-૧૬૦૨
શીંગદાણા-૧૦૨૫-૧૦૨૫
ઘાણા-૧૦૦૦-૧૧૧૦
મગ-૧૩૨૦-૧૩૨૦
અડદ-૧૬૨૫-૧૬૨૫
ઘઉંટુકડા-૫૦૦-૫૫૦
ઘઉંલોકવન-૪૬૨-૫૨૨
તલસફેદ-૧૯૦૦-૨૨૭૦
જીરૂ-૪૧૫૦-૪૧૫૦
ચણા-૧૦૦૦-૧૩૫૫
સોયાબીન-૬૦૦-૮૪૨
તુવેર-

અમરેલીકુટમાર્કેટભાવ
ચીકુ-૮૦૦-૧૧૫૦
દાડમ-૧૦૦૦-૩૦૦૦
મુસંબી-૪૦૦-૬૦૦
સંતરા-૨૨૦૦-૩૦૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૨૬૦૦
અનાનસ-૧૨૦૦-૧૫૦૦
જામફળ-૧૧૦૦-૧૬૦૦
કેળા-૩૮૦-૫૦૦
પોપૈયા-૬૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ -૧૫૦૦-૨૦૦૦

અમરેલી આજનું તાપમાન
મહ ામ તાપમાન 33.૪
ન્યુનતમ તાપમાન ૨૪.૮
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૫.૫

દિવસભર સતત ભારે ઉકળાટ અને ગરમી બાદ

અમરેલી જિલ્લામાં હળવો ભારે વરસાદ

વડિયા કુંકાવાવ, અમરેલી અને રાજુલામાં એક ઇંચ : લાઠી અને લીલીયા અડધો ઇંચ : અન્યત્ર હળવા ઝાપટા

અમરેલી,
અમરેલી શહેર અને જિલ્લામાં ગઇ કાલે બપોર બાદ વાતાવરણમાં એકાએકપલ્ટો આવતાં અહસહ્ય ઉકળાટ અને ગરમી બાદ હળવા ભારે વરસાદ પડયો હતો. અમરેલી શહેરમાં રાત્રીના સમયે એકાએક આકાશમાં કાળા ડીંબાગ વાદળોછવાયાહતાં.અનેદોઢેકકલાકમાં ધીમી ધારે એક ઈંચ વરસાદ પડયો અને જયારેવડીયાકુંકાવાવઅનેરાજુલામાંપણ એકઈંચજેવોવરસાદપડયોહતો.જયારે લાઠીઅનેલીલીયામાંઅડધોઈંચવરસાદ પડયોહતો.અન્યત્રહળવાઝાપટાપડયા હતાં.અમરેલીજિલ્લાફલટ ફંટ્રોલરૂમમાં નોંધાયેલવરસાદમાંવડીયાકુંકાવાવ ૨૫ મીમી, લાઠી ૧૪ મીમી, લીલીયા ૧૧ મીમી, અમરેલી ૨૪ મીમી, ધારી ૧ મીમી, સાવરકુંડલા ૬ મીમી, ખાંભા ૧૨ મીમી, રાજુલા ૨૧ મીમીવરસાદ નોંધાયો હતો.

બગસરામાં રિસેશ દરમિયાન પણ લાઇટ, પંખા શરૂ

સરકાર વિજળી બચાવવા નારા બોલે છે પણ પ્રજાના પૈસાનો ધુમાડો



બગસરા, (સમીરવિરાણી)બગસરામામબદ્ધર ઓફીસમાં બપોરના સમય દરમિયાન રિપેશ સમયમાં પણ લાઈટો પંખા અને એસી ચાલુ રાખવામાં આવે છે જ્યારે આ ઓફિસ ના અધિકારીઓપોતાનાસતાનાજોરેજાણેકોઈતેમને પૂછવાવાળુંજ નાહોયતેવીરીતેબપોરનાબેવાગે રિશેશ પાડવામાંઆવેછે જેકરીએક કલાક બાદ અધિકારીઓ ઓફિસે પરત ફરતા હોય છે તે દરમિયાન એક કલાક લાઈટો પંખા તેમજ એસી પણ ચાલુરાખીનેજ તમામ અધિકારીઓ ઢોકમાં જતા રહે છે.ત્યારે એક તરફ સરકાર શ્રી દ્વારા સોલાર પેનલોલગાવોઅનેવીજળી બચાવોએન લોકો ને પ્રદૂષણ મુક્ત રાખવાની મશ મોટી વાતો કરેછેત્યારેઅહીંનાઅધિકારીઓતોજાણેપોતાની મનમાની કરી સરકારના આવા વીજળી બચાવવાના હેતુનો ઉલલિયો કરી રહ્યા હોય તેવું લાગીરહ્યુંછે.જ્યારેઆવીરીતેબેફામવીજળીનો ઉપિયોગ કરવાથી પ્રજાના પરેશાવાના રૂપિયાનું આંધણકરીરહ્યાછેતોઆવાઅધિકારીઓનેજાણે કોય કહેવા વાળુંજ નાહોયતેમ લાગી રહ્યું છે. તો સરકાર શ્રીને વિનંતી કરવામાં આવે છે કે આવા તમામ અધિકારીઓજેપોતાનોવગનોઉપિયોગ કરીલોકોને દબાવીદેતાહોયઅનેબેફામવીજળી વાપરતાહોયતેવાતમામઅધિકારીઓઉપરકડક કાર્યવાહી કરવામાં આવેતેવી લોકો માં માંગ ઉઠી છે.

રાજુલાના ધારાસભ્ય શ્રી સોલંકી દ્વારા મુંબઇમાં પરંપરાગત રીતે ગણેશ ઉત્સવ

સંસદ સભ્ય શ્રી ભરત સુતરીયા અને જિલ્લાના ધારાસભ્યોની ખાસ ઉપસ્થિતિ

રાજુલા,(કનુભાઈ વરૂ)
રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા પોતાના આવેલા જૂના નિવાસ્થાન મુંબઈ ખાતે ભવ્ય ગણોત્સવનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે આ વર્ષે પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.મુંબઈ સ્થિત ધારાસભ્ય હીરાભાઈ નિવાસસ્થાન મોગરાપાડા ખાતે થતા ગણેશોત્સવમાં અમરેલી જિલ્લાના સંસદસભ્ય ભરતભાઈ સુતરીયા અને લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ટીંબી માર્કેટિંગ યાર્ડના પ્રમુખ ચેતનભાઈ શિયાળ શ્રી ભાવેશભાઈ સોલંકી શ્રી પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.દરરોજરાત્રીના ગણેશ મહોત્સવમાં ડીજી સાથે તો મહોત્સવ ઉજવાયો હતો એ ગણેશજીના દર્શન કર્યા હતા.અમારા આંગણે પધારવા બદલ કર્યું હતું.

સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

રાજકોટમાં કડવા પટેલ સમાજના ખેલૈયાઓ માટે ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ યોજાશે

કડવા પટેલ સમાજના ખેલૈયાઓ એક લાખ ચોરસ ફૂટના ગ્રાઉન્ડમાં ઝૂમી ઉઠશે

રાજકોટ, (પ્રશાંત ચંચલ)બહુ દૂંકા ગાળામાં જ લોકસેવામાં ઉભરી આવેલ સંસ્થા ઉમા ડાયનેમીક કલબ દ્વારા રાજકોટમાં રાષ્ટીય પર્વ જેવા કે ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરી પર્વમાં પોતાની નૈતિક ફરજ સમજી ધ્વજ વંદનનાં ભવ્ય કાર્યક્રમો, છેલ્લા પાંચ વર્ષથી દૂંદાળા દેવશ્રી ગણપતિ મહોત્સવની ઉજવણી અને સાથે સાથે અનેકવિધ કાર્યક્રમોનીહારમાળા, અયોધ્યા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી જેમાં અસંખ્ય ભાઈ-બહેનોનાં સથવારે ભવ્ય રથયાત્રા, ભાઈકરેલીઉપરાંતઆશરે ૧૬૦૦૦ લોકો માટે મહાપ્રસાદનું પણ શાનદાર આયોજન ઉમા ડાયનેમીક કલબ દ્વારાકરવામાંઆવેલહતું.માંઆદ્યશક્તિની આરાધના સાથે વિસરતી જતી આપણી પ્રાચિન સંસ્કૃતિનીધરોહરનેસાચવવાતેમજ આજની યુવા પેઢીમાં ભક્તિ-શક્તિ સાથે નૈતિકતાનાં મૂલ્યોનો વિકાસ થાય ને હેતુથી તદ્દન પારિવારીકવાતાવરણમાંયુ.ડી. કલબ આયોજીત ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ દ્વારા સમગ્ર કડવા પટેલ સમાજનાં ભાઈ-બહેન ખેલૈયાઓ માટે નવરાત્રીનું આયોજન હાથ ધરાયું છે.રાજકોટનાંઅસલ્ટ્રાકીકઅનેઘોંઘાટથી દુર બીજા ૧૫૦કુટ રીંગ રોડ ઉપર કટારીયા ચોકડી થી મુંજકા તરફ જતા ઓર્બિટ રોયલ ગાર્ડનખાતે ૨૫વિઘાજેવીવિશાળજગ્યામાં ૧,૦૦,૦૦૦ ફુટ નું ગ્રાઉન્ડ તો ફકત ખેલૈયાઓ માટે જ બનાવવામાં આવનાર છે. આ મોકળાશ ફકતચઅનેકજ આયોજનમાં જોવા મળશે. ગ્રાઉન્ડની મુખ્ય જમાપાસુ એ છે કે વરસાદીવાતાવરણમાંપણ બહુંઓછા સમયમાંઆગ્રાઉન્ડપહેલાજેવુંજ ખેલૈયાઓ માટે અનુકુળ અને રમવા લાયક બની રહેશે. આ નવરાત્રી મહોત્સવ ફકત ને ફકત કડવા પાટીદાર સમાજનાં ભાઈ-બહેનો પુરતો જ મર્યાદીત રહેશે જેની સર્વે લોકોએ ખાસ નોંધ લેવી.આપ્રસંકોન્ફરન્સરૂમયાનયુ ડીકલબ ના લોગાનું પણ લોન્ચીંગ કરવામાં આવેલ હતું.ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪માં ટાઈટલ સ્પોન્સર તરીકે કેડેન્સ સોલાર અને મેઈન સ્પોન્સર તરીકે ગોકુલ નમકીન, રાધે ઈન્ડસ્ટ્રીયલ એરીયા, શ્રી બિલ્ડર્સ, ઈટાલીકા સિરામીક, વરમોરા વિટ્રીફાઈડ અને ડેકોરા ગ્રુપનો સહયોગ સાંપડયો છે. આ નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓને સંગીતનું જોમ પુરુ પાડવા ૧,૫૦,૦૦૦ વોટ ની જેબીએલ ફંપનીની એ૧૨ સાઉન્ડ સીસ્ટમ (રામદુત સાઉન્ડ) રાખવામાં આવેલ છે.ઉમા ડાયનેમિક નવરાત્રીમહોત્સવ ૨૦૨૪માંફીમેલસિઝન પાસ ફકત રૂા.૫૦૦, જેન્ટસ સિઝન પાસ ફકતરૂા.૮૦૦, ૮થી ૧૨ વર્ષનાંબાળકોમાટે સિઝનપાસફકતરૂા.૩૦૦અનેકપલસીઝન પાસનાંફકતરૂા.૧૨૦૦જેવી નજીવી ફીંમાં કડવા પટેલ સમાજનાં ખેલૈયાઓ માટે રાખવામાં આવેલ છે. ખેલૈયાઓ માટે પાસ મેળવવા માટેનાંફોર્મમેળવવાનું અને ભરીને પરત કરવા માટે ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ - મધ્યસ્થ કાર્યાલય : પાટીદાર ચોક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતે થી ઉપરાંત રાજકોટ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં પણ રહેતા લોકો માટે વ્યવસ્થા કરેલ છે.ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ને સફળ બનાવવા ટીમ યુડીનાં એડવાઈઝરી ડાયરેકર જીવણભાઈ ગોવાણી, રમણભાઈ વરમોરા, શૈલેષભાઈ વશ્રાણી, ગૌતમભાઈ ધમસાણીયા, સંજયભાઈ જાકાસણીયા, પુષ્કરભાઈ પટેલની આગેવાનીમાં ઉમા ડાયનેમિક કલબનાંપ્રમુખપંકજભાઈ કાલાવડીયા તથા સમગ્ર કમીટી મેમ્બર તનતોડ મહેનત કરી રહયા છે.

જાફરાબાદની કામધેનુ ગૌશાળા દ્વારા ગ્રાન્ટ પ્રશ્ને આવેદન અપાયું

ગૌશાળાઓમાં સરકાર દ્વારા ગ્રાન્ટની રકમ વધારવા માંગણી

રાજુલા,(કનુભાઈ વરૂ)
જાફરાબાદમાં આવેલી કામધેનુ ગૌશાળામાં વિવિધ ની સેવા કરવામાં આવીરહીછેત્યારેઆજેફ્રામધેનુગૌશાળા તેમજ ગામના આગેવાનો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યો હતો.જાણવા મળતી વિગત મુજબ ગયા વર્ષનાબજેટમાંગુજરાતસરકારેગૌમાતા પોષણ યોજના હેઠળ ગૌશાળા અને પાંજરાપોળના પશુ દેટ પ્રતિદિન રૂપિયા ૩૦ થી સહાય આપવાની જાહેરાત કરી હતી વર્તમાન બજેટમાં પણ આ ચાલુ રાખવામાં આવી છે આ મહત્વપૂર્ણ સહાય માટે ગુજરાત સરકાર ગૌશને બચાવવા માટે પગલા ભરી રહી છે સંસ્થાને જ સરકાર દ્વારા જે સબસીડી ચૂકવવામાં આવે છે સંસ્થાના જે ખર્ચ કરવાના હોય છે તેના પૂરતી નથી.જેના પરિણામે ગૌશાળા કે પાંજરાપોળમાં ગૌ સેવા કરવી ખૂબ જ મોંઘી પડી રહી છે હાલનો ખર્ચ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા જે આસહાય રૂપિયા ૩૦પ્રતિદિન આપવામાં આવે છે જેને ૧૦૦ કરવામાં આવે જેથી ગૌશાળામાં યોગ્ય સેવા કરી શકાય આ બાબતે આજે કામધેનુ ગૌશાળા ના સંચાલકોઆગેવાનોઅનેવેપારીઓદ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ તો કે જયેશભાઈ વિરમસિંહ જાડેજા જીગ્નેશભાઈ વડીયા સહિતના જાફરાબાદ શહેરના આગેવાનો ગૌસેવકો ઉપસ્થિત રહ્યા હતા

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા

રાજુલામાં ગણપતિ ઉત્સવનો લાભ લેતા ભાવિકો

ગણપતિ ઉત્સવ નિમિતે અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો

રાજુલા,(કનુભાઈ વરૂ) રાજુલા સૌપ્રથમવાર પોલીસ સ્ટેશન પાસે વિશ્વ હિન્દુપરિષદદ્વારાસૌપ્રથમવારગણપતિ ઉત્સવનુંભવ્યઆયોજનકરવામાંઆવ્યું સૌપ્રથમવાર રાજુલા શહેરમાં આવું આયોજન કરવામાં આવતા રાજુલા શહેરની ધર્મ પ્રિય જનતા દર્શન કરવા ઉમટી પડેલ અહીંયા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે દરરોજ સાંજના આરતી સાથે હનુમાન ચાલીસાનું આયોજન આવેલતેમજસાથે સાથે નામી અનામી કલાકારોએ હાજરી આપી અને સંતવાણી યોજવામાં આવેલ આ સમગ્ર કાર્યક્રમમાં રાજુલા શહેરના વિવિધ અગ્રણીઓ વેપારીઓ કે ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો બ્રહ્મ સમાજના આગેવાનો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના તમામ હોદેદારો સાથે સાથે નિવૃત્ત ડી.વાય.એસ.પી હરેશ વોરા તેમજ તેમજ રાજુલા શહેરમાં નિમાયેલા આપના શહેર પ્રમુખ પંડયા તેમજ ભારતીય જનતા પક્ષના હોદેદારો તેમજ વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી પધારેલા સરપંચોસહિતના લોકોએહાજરીઆપી અને આરતી સાથે હનુમાન ચાલીસા તેમજસંતવાણીનો લાભ લીધેલો તારીખ ૧૫.૦૯.૨૦૨૪નાંરોજરાજુલા લુહાર સુથાર વાડીખાતેબપોરનાં૪.૩૦કલાકે વિરાટ હિન્દુ મહાસંમેલન નું આયોજન કરવામાં આવેલ છે તેવું વિશ્વ પરિષદ ના પ્રમુખ યુવરાજ ભાઈની યાદીમાં જણાવવામાં આવેલ છે

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ મંદિર દ્વારા

આગામી ૭ થી ૧૫ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ

રાજકોટ, (પ્રશાંત ચંચલ)
શ્રી સ્વામીનારાયણ મંદિર-વડતાલધામ દ્વારાઆગામી ૭થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન આયોજિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામીનારાયણ ગુંફુળ-કણ્ઠભાના સ્થાપક સદ્‌ગુરુવર્ય પૂજ્ય ધ્યાની સ્વામીજીના શિષ્ય, રૂસ્રષ્ટી શાસ્ત્રી સત્સંગભૂષણદાસ સ્વામીજીએ શ્રી શિવલાલભાઈ ખંરેરીના નિવાસસ્થાને રાજકોટ પધરામણી કરી દ્વિશતાબ્દીમહોત્સવનીનામંત્રણપત્રિકા શ્રી શિવલાલભાઈ ખંરેરી તથા તેમના સુપુત્ર જગદીશ ખંરેરીને રૂબરૂ સુપરત કરી હતી. આ શુભ અવસરે કણ્ઠભાના ટ્રસ્ટી શ્રી મધુભાઈ સોની, શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળ-રાજકોટના પ્રમુખ શ્રી વાસુદેવભાઈ સોની, મંત્રીશ્રી મિતેશ ધોળકીયા, શ્રી જુગલ તેમજ બહોળી સંખ્યામાં હરિભક્તોએ સ્વામીજી સાથે હાજરી આપી હતી. શ્રી સ્વામીનારાયણ મંદિર-વડતાલધામદ્વારાઆદિત્યઅનેભવ્ય મહોત્સવ ૭થી ૧૫નવેમ્બર, ૨૦૨૪ સુધી ઉજવાશે. તેમાં શાસ્ત્રી સત્સંગભૂષણદાસ સ્વામીજીએ બહોળી સંખ્યામાં હરિભક્તો તેમજઆમંત્રિત મહેમાનોનેહાજરીઆપવા અનુરોધ કરેલ છે.

અમરેલીમાં ભવ્ય ગણેશ ઉત્સવ

પ્રમુખસ્વામીનગર, માધવનગરમાં શ્રી રામ યુવક મંડળનું આયોજન

તસ્વીર :- વિશાલ સોની

અમરેલી,અમરેલી માં આવેલ લાઠી રોડ ખાતે પ્રમુખસ્વામી નગર તેમજ માધવ નગર માં શ્રી રામ યુવક મંડળ દ્વારા આયોજીત ગણેશ ઉત્સવ ૨૦૨૪ નું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાંઆવ્યું છે ત્યારે રોજ સાંજે મહા આરતી અને રાત્રે ધૂન ભજન કીર્તન પણ આ આયોજન માં કરવામાંઆવે છે અને બહોળી સંખ્યા માં ભાવિકો આ ગણપતિ દાદા ના ઉત્સવ માં મહા આરતી માં ઉપસ્થિત હતા.

ડો. કલામ ઇનોવેટીવ સ્કુલનાં વિદ્યાર્થીઓએ ગોવાનો પ્રવાસ કર્યો

વેકેશન દરમિયાન બાય પ્લેન પ્રવાસ કરી વિદ્યાર્થીઓએ મોજ માણી



અમરેલી,ઉનાળાના વેકેશનની જે સમયે આ વિદ્યાર્થીઓને વેકેશનમાં ઘરે જવાનું હતું અને મજા કરવાની હતી એ સમયે તેઓ શાળા પર જ રોકાયા અને દિવસ રાત મહેનત કરી એ મહેનતની અંદર વિદ્યાર્થીઓ ઘણું બધું શીખ્યા તેમજ સ્કૂલને તેમણે ખૂબ મદદ કરી લગભગ ૧-૨ મહિના જેટલો સમય તેમણે સ્કૂલ પર રહીને નવી નવી વસ્તોઓ જાણી તેમજ નવા વિદ્યાર્થીઓ એડમિશન માટે આવે તો તેમને સ્કૂલવિઝિટ કરાવવી, હોસ્ટેલ સેટઅપ, લેબ સેટઅપ તેમજ નવા નવા પ્રકારના ઓનલાઇન કોર્સ કર્યા આવા અનેક પ્રકારના કામ એમણે વેકેશન દરમિયાન સ્કૂલ પર રોકાઈને કરેલા હતા.તેમની આ મહેનતના ફળ સ્વરૂપે સ્કૂલ દ્વારા એમને ગોવાની ટુર પ્લેનની અંદર કરાવવાનો નિર્ણય કરવામાંઆવ્યો. અને આ ઉવિદ્યાર્થીઓ પહેલી વાર પ્લેનની અંદર બેઠા અને ગોવાની ટૂરની મજા માણી. વેકેશનની સાથેસાથેતેઓએ ગોવાના બિઝનેસ વિશેકેસ સ્ટડી બનાવી તેમજ ગોવાની અંદર રહેલી મેકર સ્પેસની પણ ખાસ મુલાકાત લીધી. સ્કૂલ દ્વારા લેવામાં આવેલું આ ખાસ પગલું દરેક સંસ્થા માટે પ્રેરણારૂપ છે.કલામ સ્કૂલના વિદ્યાર્થીઓશુભમ ગજેરા, જલ લાઠીયા તેમજ જોષી વેદાંત જોડાયા હતા તેમજ આ ખાસ વર્કશૅનમાં ટિંકરિંગ ઠૅડિયાના ફાઉન્ડર ધ્રુવ શૈડવા વિશેષ રીતે જોડાયા હતા. ગોવામાં હિમાંશુ સિંઘ દ્વારા તેમના સ્ટાર્ટઅપ પહિયાં બાયસિકલ દ્વારા તેમને ગોવાના વિશેષ સ્થળ પર સાયકલ રાઈડ કરાવી હતી. આ સમગ્ર ટૂર માટે સહભાગી બનાર શ્રી હોલીડેસ તેમજ નાસીરભાઈ ટાંક તેમજ હાર્દિકભાઈ અને ભાવિકભાઈના ખૂબ ખૂબ આભારી છીએ.

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વરમાં ભારે વરસાદ પડતાં ૩ ગામો સંપર્ક વિહોણા થયાં

મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેસ ગોસ્વામી

મહુવા પંથકમાં ફરી ધોધમાર વરસાદ

ગાંધી બાગ, વાસી તળાવ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયાં

મહુવા,
ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં ધમાકેદાર વરસાદ વરસ્યો છે. પાંચ દિવસના વિરામ બાદ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. વાસી તળાવ, ગાંધી બાગ, હોસ્પીટલ રોડ, બગીચા ચોક, સ્ટેશન રોડ સહિતના અનેક વિસ્તારમાં વરસાદ વરસ્યો છે.ધોધમાર વરસાદના પગલે શહેરના રોડ-રસ્તા પર વરસાદી પાણી વહેતા થયા છે. ભાદરવામાં વરસાદ વરસતા વાતાવરણમાં ફેરફાર થયો છે અને લોકોને ગરમીથી રાહત થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી જોવા મળી હતી. તાલુકાના કોંજણી, કાળેલા, સેદરડા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો.છેલ્લા પાંચ દિવસથી મહુવા તેમજ ગ્રામ્ય વિસ્તાર વરાપહતી.જેથી ખેતીલાયક કામકાજ કરવા ખેડૂતને સારી રીતે સફળતા મળી, પરંતુ આજ વરસાદ વરસતા ખેડૂત તેમજ ખેતરમાં ઉભેલ પાકને ક્ષયદ્વારકરે ખેડૂત ગણાવી રહ્યા છે. વિરામ બાદ વરસાદ વરસતા ખેડૂત પણ ખુશાખુશાલ જોવા મળી રહ્યા છે.

ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

કોડીનારમાં દુર્ઘટનાની રાહ જોવું તંત્ર !!!!

કોડીનારમાં જર્જરીત ઈમારતનો કાટમાળ ઉતારી લેવા માંગ

કાટમાળને કારણે અકસ્માત સર્જાય તેવી દહેશત વ્યાપી ગઇ

કોડીનાર,ગીર સોમનાથના કોડીનારમાં સરકારીઓફિસ અને કોર્ટ કમ્પાઉન્ડની વચ્ચે આવેલી ગાયકવાડ વખતની વર્ષો જૂની જર્જરિત ઈમારત પડે અને મોટી જાનહાની થાય તે પહેલા તંત્ર તાત્કાલિક આ બિલ્ડીંગ ઉતારી લે તેવી સ્થાનિકો માં ઉગ્ર માંગ.ગીર સોમનાથના કોડીનાર ખાતે આવેલા ગાયકવાડ વખતનાંજૂનાપોલીસસ્ટેશનતરીકે ઓળખાતીઈમારતનાંઆવિશાળબિલ્ડિંગમાં એક સમયે કોડીનાર મામલતદાર,સબ રજીસ્ટરઅનેપોલીસસ્ટેશનતમામવિભાગો બેસતા હતા.સમય જતા બિલ્ડીંગ જર્જરિત થતાં તમામ વિભાગો અહીંથી ખસેડાયા છે.આ બિલ્ડીંગ અતિ જર્જરિત હાલતમાં પડવાના વાંકે ઊભું છે.આ ઈમારત હવે ગમે તે સમયે પડી શકે તેવી પૂર્ણ શક્યતાઓ છે. ત્યારે આ જર્જરીથી ઈમારતને જાનમાલની સલામતી માટે તાત્કાલિક તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. સૌથી મહત્વની વાત તો એ છે કે આ જર્જરિત ઈમારતને ઉતારી લેવાને બદલે તંત્ર દ્વારા આ ઈમારત આસપાસ કોઈને ન જવાની નોટિસલગાવીરેજર્સ ઝોનની પટ્ટીઓ લગાવી સંતોષ માન્યો છે.

જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

માણાવદર રસાલા લાઇનમાં ગણેશ ઉત્સવની ઉજવણી

માણાવદરના રસાલા લાઈનમાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે રસાલા લાઈનમાં વસતા મધ્યમ વર્ગના લોકો આ ગણેશ મહોત્સવ અનેરા ઉમંગથી ઉજવી રહ્યા છે અન્નકૂટના દર્શન ની સાથે સાથે તમામ કાર્યકર્તાઓની સમુહ આરતી પુજા અર્ચના સહિત કાર્યક્રમો તસવીરમાં નજરે પડે છે.

કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

હાઉસીંગ કો-ઓપરેટીવ અને હાઉસીંગ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઓએ

કચ્છમાં પેનલ ઓડિટરની નિમણુંક કરી જાણ કરવી

ભુજ,કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગરનીતા.૧૨-૦૮-૨૦૨૪ની અધિસુચના ક્રમાંક: જીએચકેએચ/૧૦૮/૨૦૨૪/છભઘ/છજઈ/ ૧-કેની/૨/૨૦૨૩/૩૦૧૪/ણલ. થી હાઉસીંગ કો-ઓપરેટીવ સોસાયટી અને હાઉસીંગ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીઓનું તા.૩૧/૦૩/૨૦૨૪ના સમયગાળા સુધીનું ઓડીટ રજિસ્ટ્રારશ્રીની પેનલ પરના ઓડીટર દ્વારા કરી શકાય તેવી મંજુરી આપવામાંઆવેલીછે. જેથીમંડળીની નિયામક મંડળની બેઠકમાં રજિસ્ટ્રારશ્રીની પેનલ (રાઁક://ભિજ.ચેલચચિા.ર્યપે.ઉ) પરના કચ્છ જિલ્લાના કાર્યક્ષેત્ર વિસ્તારના પેનલ ઓડીટરની ઠરાવથી નિમણુંક કરી તે અંગેની કચેરીમાંજાણકરવી.ઉપરાંતતા.૩૦/૦૫/૨૦૨૫ સુધીની સમય મર્યાદામાં ઓડીટ પૂર્ણ થાય તે બાબતેની જરૂરી કાર્યવાહીકરવાલાગુપડતીતમામહાઉસીંગ કો-ઓપરેટીવ સોસાયટી અને હાઉસીંગ સર્વિસ કો-ઓપરેટીવ સોસાયટીના હોદેદારોએ નોંધ લેવી. ઓડીટ પૂર્ણ થયેથી ઓડીટ અહેવાલ સંબંધિત કચેરીઓમાંરજુ થાય તે સંબંધિત કાર્યવાહી કરવા સોસાયટીના નિયામક મંડળને મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ) ભુજ - કચ્છની અખબારી યાદીમાં જણાવાયું છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૧ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેક્નોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટાપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૨-૦૯-૨૦૨૪ ગુરૂવાર

ક્વાલીટી-સર્વીસ મરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાઇરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૧ ૪૩૬૪૪

